# GANGADAS

BY

## HARVEY REEVES CALKINS.

(*Translated into Gujarati.*)

# ગંગાદાસ

[illegible]

( [illegible] )

*2d Edition ; [illegible] Copies*

[illegible]


મુંબઈમાં

[illegible]

[illegible]

[illegible]

ઈ. સ. [illegible]

કિંમત [illegible] આના.

# ગંગાદાસ.

## ૧. હિન્દુ કણીઓ.

"સલામ, મિત્ર, ધંધો કેમ ચાલે છે?"

"હમણાં તો રામની બહુ મહેરબાની છે. શહેરના ઘણા-ખરા ધનવાનોને હુંજ અનાજ પુરૂં પાડું છું. એટલી ખપત થાય છે કે વખાર હમેશાં ખાલી જેવી રહે છે."

"આ વરસે વરસાદ પણ વખતસર આવ્યો છે, તેથી ખેડુતો તેમજ ભટકતા ભિખારીઓ પણ ખુશી થાય છે."

"બરાબર, સાહેબ; મોસમમાં વખતસર વરસાદ આવે તો દરેક જણનું મ્હોં હસતું થાય છે."

"તમને સંતોષ થયો છે તે જોઇને હું પણ તમારી સાથે હરખ કરૂં છું. તમને ગામના લોક 'ડાહ્યા ગંગાદાસ' કરીને બોલાવે છે તેનું કારણ પણ હું સમજું છું. વળી મારી ખાતરી છે કે તમે તમારા હિંદુધર્મનું સારૂં જ્ઞાન ધરાવો છો. કૃપા કરીને મને એક સરળ પ્રશ્ન પુછવાની રજા આપશો?"

"બેશક, પુછો, સાહેબ, પણ મને કાંઈ એટલી બધી આવડત નથી, હું તો સાધારણ કણીઓ છું. રામ જ્ઞાની છે.

કર લે સો કામ;<br>ભજ લે સો રામ."

"ઠીક હવે, હું એક પ્રશ્ન પુછીશ; કદાપિ તે તમને મૂર્ખાઈ-ભરેલો લાગે. તમારા હાથમાં એ શું છે?"

"આ? કેમ, એ તો પૈસાનો ગલ્લો છે. આજે જે વકરો થયો તે એમાં છે."

"એ તમારી પેટી છે?"

"બેશક."

"એમાં કોના પૈસા છે?"

"અલબત, એમાં મારા પોતાના છે. હું કાંઈ લુચ્ચો માણુસ નથી, કે કોઈના પૈસા ધમકાવી લઉં."

"પણ તમે હમણાં કહ્યું કેની કે એ પૈસા અનાજ વેચ્યા બદલના છે?"

"ખરેખર, એમાં શું ખોટું છે?"

"કંઇ નહિ; પણ તમે કોનું અનાજ વેચો છો? વળી તમારી વખારમાં જે ભરેલું છે તે કોની માલીકીનું છે?"

"સાહેબ, તમે પોલીસ અમલદાર છો? એક આબરૂદાર વેપારીની વિરૂદ્ધ નિમિત્ત શોધો છો?"

"નારે, ગંગાદાસ, હું તો તમારો મિત્ર છું, હું ફક્ત ધર્મ સંબંધી પ્રશ્ન પુછું છું."

"શું! ધર્મ! મને બિલકુલ સમજણુ પડતી નથી કે પૈસા અને અનાજ જેવી વસ્તુને ધર્મ સાથે શો સંબંધ છે! અલબત હું ગરીબોને દક્ષણા આપું છું; અને ગામમંદિરને સમારવાન પૈસા મેં આપ્યા હતા તે સહુ કોઈ જાણે છે. તમારા પ્રશ્નનો ભાવાર્થ શું એ છે?"

"ના, ના, એવો મારો અર્થ નથી. **દાનધર્મ** વિષે હું પુછતો નથી પણ **માલીકી** સંબંધી મારો સવાલ છે. તમે ગરીબો કે બ્રાહ્મણોને દક્ષણા આપો છો, તે પૈસા કોના આપો બજારમાં તમે અનાજ લાવીને વેચો છો તે કોનું છે?"

"કેવો બેહુદો પ્રશ્ન! ઠીક, ઠીક, એનો જવાબ હું વાળ. તમે મારા મિત્ર છો, અને તમે મારૂં અહિત ઈચ્છતા નથી એવી મારી આશા છે."

"સત્ય છે, ગંગાદાસ, મને તમારો મિત્રજ ગણજો."

"બહુ સારૂં; તમારા સવાલનો ઉત્તર એટલો સાદો છે કે મને બોલતાં પણ હસવું આવે છે. કોઈ નાનો છોકરો પણ કહી શકે કે જે ખેડુતે જમીન ખેડી અને કાપણી કરી તેની માલીકીનું અનાજ ગણાય; પણ અમુક કિમ્મતે તે વેચાતું લીધા પછી તે મારૂં થાય છે. અનાજનો કેટલોક જથો તો મેં વેચી નાખ્યો છે, પણ બાકી જે રહ્યું છે તે મારૂં પોતાનું ગણાય. કેમ, એ વાત સ્પષ્ટ છે?"

"પણ, ગંગાદાસ, માફ કરશો—ધંધામાં તમે આબાદ થાઓ છો તેને અર્થે તમે હમણાં રામનો આભાર માન્યો કેની?"

"ખચિત, હું ધર્મચુસ્ત હિંદુ છું. ઘણા સન્માનથી અને ભક્તિભાવથી હું 'રામ' નામ બોલું છું. 'રામ એકલો સત્ય છે.'"

"ત્યારે, જો રામના ભક્ત છો, તો જે અનાજ તમે વેચો છો તેનો ધણી તે છે, તેમજ તમારા પૈસા પણ તેના છે."

"એ સત્ય નથી, સાહેબ. શ્રીરામ મહાત્મા થઈ ગયા છે, તે ઈશ્વરના અવતાર હતા; ને તેમને ધનની કે દાણાની અગત્ય નથી."

"તેમની અગત્ય વિષે હું કહેતો નથી, પણ તેમની સત્તા સંબંધી બોલું છું. રામને તમે લોકો માનો છોને? ત્યારે તે ઇશ્વરનો અવતાર નથી શું? પૃથ્વી પર વરસાદ અને તાપ મોકલવાનો અધિકાર તેમનો છેને? અને શું તે અનાજ ઉગાવતા નથી? ત્યારે હવે, દાણા તેમના કહેવાય, કેમકે તેમના વિના તમારી વખારો ઉભરાય નહિ."

"સાહેબ, તમે જે બધું કહો છો તે સાચું છે, તોપણ તમે અમારો ધર્મ સમજતા નથી. શ્રીરામ આ અનાજ ઉપર કદી પણ ધણીપણું કરવાના નથી. તમને અમારા પંડિત આવી વિચિત્ર વાત બોલતાં સાંભળે તો તેમને બહુ અચંબો લાગે.',

"ગંગાદાસ, મારી ભૂલ માફ કરજે; પણ તમારો ધર્મ મને સમજાવો, કેમકે તમારી નજરમાં હું મૂર્ખ જેવો ગણાવા ચહાતો નથી. રામની પૂજા કરવાનું શું પ્રયોજન છે? તે સર્વસમર્થ પરમેશ્વર છે એવું તમે નથી માનતા?"

"જેમ હરેક જન અને હરેક વસ્તુ દૈવિક છે તેમ રામનો અવતાર પણ દૈવિક છે; પણ તેની ભક્તિ કરવાનું કારણ એ નથી. દુનિયામાં પ્રત્યેક વસ્તુ દૈવિક જીવ ધરાવે છે, એ સારૂ હિન્દુ લોક હરકોઈ વ્યક્તિ કે વસ્તુ અસાધારણ હોય, વિચિત્ર કે ભયાનક હોય, તેની પૂજા કરે છે; દાખલા તરીકે, વિચિત્ર આકૃતિનો પત્થર કે વૃક્ષ, અથવા કોઇ અતિ સુંદર બાળક હોય, કે ભયંકર, બેડોળ કે ઠીંગણી વ્યક્તિ હોય તો તેની પૂજા કરે છે. સમસ્ત સૃષ્ટિને ભરપુર કરનાર જે દિવ્ય આત્મા છે તેના ઉપરોક્ત વિવિધ દેખાવો છે. હું કહી ગયો તેમ શ્રીરામ એક મહાન વ્યક્તિ થઈ ગયા છે: એવી રીતે કૃષ્ણ, ગણેશ, હનુમાન વિગેરે પણ થયા છે. એવા અનેક અવતારો થયા છે, પણ તેઓ શ્રીરામ જેટલી પ્રખ્યાતિ પામ્યા નથી. એ બધા અવતારોએ મહાન કૃત્યો કર્યાં છે; તેઓ અપાર જ્ઞાની અને અલૌકિક હતા; એ સારૂ હિન્દુ લોક તેમની પ્રત્યે પૂજ્યભાવ રાખે છે."

"મિત્ર ગંગાદાસ, જો એમ હોય તો શા માટે તમે બુદ્ધ, ઈસુ, મહમદ કે ઝનુની અકબર કે અબ્લીસની પૂજા નહિ કરો?"

"તમારૂં કહેવું તદન સત્ય છે, સાહેબ; અને ખરેખર, ઘણા હિન્દુઓ તેમને પણ માને છે. દુનિયામાં હિન્દુ ધર્મ અજાયબ ધર્મ છે! ભણેલને તેમજ અવિદ્વાને, ભલાને તેમજ બુરાને, રાયને તેમજ રંકને એ ધર્મ અનુકૂળ છે. હરકોઇ જન એ ધર્મનો અખત્યાર કરી શકે. ખ્રીસ્તીઓ, ઈસ્લામીઓ, પારસીઓ સહેલાઇથી હિન્દુ ધર્મમાં આવી શકે; અને એમ કરવાની તેમની ફરજ છે, કેમકે હિન્દ તે હિન્દુઓનો દેશ છે; આ રાષ્ટ્રમાં એકજ ધર્મ હોવો જોઇએ. જો સર્વ રહેવાસીઓ

બ્રાહ્મણોને માન આપે, પોતાની જ્ઞાતિના નિયમો પાળે, અને અન્ય જ્ઞાતિના માણસોને વટાળે નહિ, તો પછી તેમના મનમાં જે આવે તે માને અને ગમે તે દેવને પૂજે. આજ ધર્મની ખરી સ્વતંત્રતા છે."

"મારા મિત્ર, તમારી વાત ખરેખર સાંભળવા લાયક છે, અને એ પર હું વિચાર કરીશ. પણ શું સર્વ હિન્દુઓ એવા એક દેવને માનતા નથી કે જે સર્વ દેવોમાં શ્રેષ્ઠ અને અનંત છે? એક સર્વસમર્થ સરજનહાર જેનું નામ સર્વ કરતાં અત્યુત્તમ છે?"

"હા, સાહેબ, એજ અમારા ધર્મનું તત્ત્વ છે. સર્વ વસ્તુનો ઝરો અને મૂળ તે બ્રહ્મ છે. આ દૈવિક આત્મા સર્વવ્યાપક છે અને તે સમસ્ત સૃષ્ટિમાં, સૃષ્ટિની પ્રત્યેક વસ્તુમાં—જમીન, હવા અને પાણી, ક્ષેત્રો અને વૃક્ષો, માછલાં અને પક્ષી, માણસ અને પ્રાણીમાં—વ્યાપી રહેલો છે. એ માટે એ સર્વવ્યાપક આત્માને અમે માનીએ છીએ. તે અવિકારી બ્રહ્મ નિત્ય આપણી સાથે છે, હા, આપણા માંહે છે, કેમકે તેજ આપણા આત્માનો આત્મા છે. એજ અવિનાશી વ્યક્તિ આ ખુરશી જે પર હું બેઠો છું તેની માંહે પણ છે, અને તે મારાં તોળવાનાં માપમાં પણ છે. તે સર્વ સ્થળે છે. શ્રી રામ સત્ય છે ખરા, પણ બ્રહ્મ અવિચળ સત્ય છે; તેના સિવાય બીજું બધું માયા છે—પત્થર, ઝાડ, ઝાકળ, અંધકાર, દુઃખ, કષ્ટ, અને બ્રહ્માણ્ડ પણ ફક્ત મિથ્યા છે. આ જગત માયાના અધિકારમાં આવી પડ્યું છે; બ્રહ્મ એકલું સત્ય છે. જેમ સુતર વિના કાપડ બને નહિં, માટી વિના કોઠી બને નહિ, સોના વિના કડી બને નહિ, તેમજ અવિચળ અને અનંત બ્રહ્મ હરેક પ્રાણી, હરેક વસ્તુનો આધાર છે."

"હું તમારો આભારી છું, મિત્ર ગંગાદાસ; હિન્દુધર્મ સમજવો કઠણ છે, પણ તમે મને તે ઠીક સમજાવ્યો છે. મારે એક બીજો પ્રશ્ન પુછવાનો છે એટલે કે, બ્રહ્મ તે સજીવ વ્યક્તિ

અર્થાત્ બુદ્ધિશાળી વ્યક્તિ છે કે? બ્રહ્માણ્ડનો એ અજાયબ અને ગુહ્ય આત્મા કાંઈ કરે છે કે નહિ? શું તેને બધી વાતની જાણ છે? શું તે ચાહે તો તે ગાયનો જીવ, કે માણસનો જીવ, કે ખુરશીનો કે ઝાડનો જીવ થઈ શકે છે? કે, શું તે ફક્ત સવારના ઝાકળ સમાન—કાંઈ પણ ઇચ્છાશક્તિ વગરનો—છે?"

"સાહેબ, એવો વિચાર કદી મને આવ્યો નથી! તમારો સવાલ બહુ વિચિત્ર છે!"

"ખરી વાત, ગંગાદાસ, એજ પ્રશ્ન સહુથી અગત્યનો છે. એનો શો ઉત્તર છે?"

"સાહેબ, ખરેખર, મને ખબર નથી, અને એ પ્રશ્ન મને ચિન્તાજનક છે. પણ મારી ખાતરી છે કે અમારા પંડિત તમને તેનો ખુલાસો કરી આપશે કે બ્રહ્મ ઇચ્છાશક્તિ ધરાવનાર વ્યક્તિ હોઈ શકે નહિ. અવિકારી બ્રહ્મ અહોનિશ શૂન્ય રહે છે. જેમ ધુમાડો ઘરમાં પસરી રહે છે અને છાપરા વાટે નીકળી જાય છે તેમ બ્રહ્મ સર્વને ભરે છે તોપણ તે નિત્ય શૂન્ય અને અદ્દશ્ય રહે છે. જેવું બ્રહ્મ તેવા આપણે થઇશું, કેમકે બ્રહ્મ આપણા જીવનનું તત્ત્વ છે."

"બહુ સારૂં, મારા મિત્ર, તમે કહો છો તે મને સાધારણ જેવું લાગે છે, કેમકે દુનિયામાં ઘણા લોક એવાજ વિચાર કરે છે. હું નાનો છોકરો હતો ત્યારે ખેતરમાં એકાંત બેસીને હું બહુ વિચાર કરતો કે હું ક્યાંથી આવ્યો. આકાશની ગમ જોઇને, હવા કરતાં પાતળી એવી વસ્તુની કલ્પના હું કરતો કે જે જાણે તારાઓની પેલી ગમ આવેલી હોય. પણ એ તો ફક્ત બાળકના તરંગ, પેલા લીમડાના ઝાડના પડછાયા જેવા વિચારો છે."

"બરોબર, સાહેબ, એજ પ્રમાણે અમારા પંડિત પણ બોલતા હતા. આપણા આત્મા પડછાયા કે ઝાકળ સમાન છે, અને આપણા આત્માના ખોરાક સમાન ધર્મ તે પણ

પડછાયા કે ઝાકળ સમાન છે. મેં તમને કહ્યું હતુંને કે અમારો ધર્મ આત્માને તદન અનુકૂળ છે? હિન્દુધર્મ પાળવામાં ખરી મજા છે!"

"ઠીક, મિત્ર, આ વાતચિતથી મને ઘણો હર્ષ થયો છે. તમારા ખુલાસા પરથી મારો પ્રથમ પ્રશ્ન 'તમારા હાથમાં શું છે' તેનો ઉત્તર મળી ગયો છે."

"તમે શું કહેવા માગો છો તે હું સમજી શકતો નથી, સાહેબ."

"હું તમને ખુશીથી સમજણ પાડીશ; પણ પહેલાં, હું તમને એક સવાલ પુછું છું. તમે મોટા વેપારી છો, અને તમારી પાસે પુષ્કળ માલમતા છે; હવે 'માલ' એટલે શું?"

"એ તો સાદો સવાલ છે; માલ એટલે બજારમાં જે બધું મળે છે તે—ઘઉં, બાજરી, બળદ, પૈસા, ઇત્યાદિ."

"બરાબર, ગંગાદાસ, પણ જે વસ્તુઓ તમે ગણાવી ગયા તે **હમેશ** માલમતા કહેવાય?"

"એમાં શો શક? કેમ નહિ?"

"ના, ના, એજ તમારા લોકની સાધારણ ભૂલ છે. એ કીમતી વસ્તુઓ માલમતા ક્યારે કહેવાય? કોઈ અમુક સજીવ વ્યક્તિના હવાલામાં તે હોય ત્યારે. અમુક માલ કોઈ માણસના હવાલામાં નહિ હોય ત્યાં સુધી તેને માલમતા એ નામ આપી શકાય નહિ."

"મને કંઈ સમજણ પડતી નથી, સાહેબ. આ સોનાની વીંટી છે; વખારમાં અનાજના ઢગલા પડેલા છે; એ મારો માલ નહિ કહેવાય? માણસના હવાલા વિના માલ કહેવાય નહિ——એ હું સમજી શકતો નથી."

"ગંગાદાસભાઇ, એ વિષે તમે વિચાર કર્યો નથી તેથી તમે એ વાત સમજી શકતા નથી. પણ એ સહેલી વાત છે. દાખલા તરીકે, જમીન હેઠળ કાચું સોનું જથાબંધ છે; રાજાના સુવર્ણ પ્યાલાને લાયકનું તે સોનું છે; તોપણ તેને અમુકની

માલમતા કહેવાય નહિ, એટલે તે કોઇના અખત્યારમાં આવ્યું નથી. તે જમીનના ઊંડાણમાં માનવીદષ્ટિ બહાર છે. જ્યારે કોઈ માણસ તેને શોધી કાઢશે અને પોતાના કબજામાં લેશે, ત્યારે તે અમુકની માલમતા ગણાશે. એજ પ્રમાણે ઉજ્જડ પ્રદેશમાં કોઈ ઠેકાણે અમુક અનાજના છોડવા થતા હશે; પણ ત્યાં કદી કોઇનો પગરવ સંભળાતો નથી, તો તેને કોણ 'પોતાનો માલ' લેખવી શકે? તેનું શું કારણ? કેમકે તે વિષે કોઈ જાણતું નથી. અરણ્યમાં તે પોતાની મેળે ઉગે છે, અને ત્યાં કદી કોઈ માણસ જતું નથી અને કહેતું નથી કે, 'એ મારૂં છે.' કેમ, હવે તમે સમજી ગયા કે જ્યાં માલ હોય ત્યાં માલનો માલિક હોવો જોઇએ."

"ખરેખર, સાહેબ, તમારી વાત બહુ ઉત્તમ છે. એ વિષે મને અગાઉ વિચાર આવ્યો ન હતો."

"હા, મારા મિત્ર, હવે આપણે સજીવ વ્યક્તિઓની વાત કરીએ છીએ. કેમ, હવે પ્રથમ પ્રશ્નનો અર્થ સમજી શકો છોને? હું માલીકીની વાત કરતો હતો."

"હવે મને સમજણ પડે છે, સાહેબ; પણ હજી સ્પષ્ટતાથી સમજાવો."

"ખુશીથી, ગંગાદાસ, કેમ, માલીકીની વિચિત્ર વાત તમારા ધ્યાનમાં હજી ઉતરતી નથી? અમુક માલનો વિચાર કરીએ ત્યારે તરત તેના ધણીનો વિચાર આવે છે. કોઈ પણ માલનો ધણી તે સજીવ વ્યક્તિ હોયજ. ગગન, તારા, હવા કદી કહી શકે નહિ કે 'એ મારાં છે.' કેમ, એ સ્પષ્ટ છેને?"

"હા, સાહેબ."

"ઠીક ત્યારે, અવિકારી બ્રહ્મ ઇચ્છાશક્તિ ધરાવનાર વ્યક્તિ નથી, તે કંઈ પણ કરી શકતું નથી; એ સારૂ તે કશાનો ધણી થઇ શકતું નથી. હવે જો કોઈ જીવતો ઇશ્વર હોય નહિ કે જે દુનિયા પર પોતાનો અધિકાર અને અમલ ચલાવતો હોય, તો

પછી ઈશ્વરી માલીકપણું છેજ નહિ. ફક્ત દેહધારી પ્રાણી જીવવાળાં છે કે જે હકસર કહી શકે કે, 'આ ઘઉં, આ બળદ, આ પૈસા મારાં છે.'"

"કેમ, સાહેબ, તમારા પોતાના શબ્દો પ્રમાણે, તમારા પહેલા સવાલનો નિર્ણય થયો છે, મેં પણ એમજ જણાવ્યું હતું કે, 'આ ઘઉં, આ પૈસા મારા પોતાના છે.' કેમ, મારી વાત સાચી છે કે નહિ?"

"ધીરજ ધરો, ગંગાદાસ, જરા લક્ષપૂર્વક સાંભળો. જો હિન્દુ-મત સાચો હોય, જો બ્રહ્મ બ્રહ્માણ્ડનો ગેબી અને જડ આત્મા હોય કે જેને ઇચ્છાશક્તિ કે જ્ઞાન નથી, તો અવસ્ય તમારી માલમતાના તમે ધણી છો, કેમકે તમારો કોઈ દૈવી ધણી નથી. તમારો હક વ્યાજબી છે કે ગેરવ્યાજબી છે તે ઠરાવવાનું કામ સરકાર અને તમારા સાથી માણસોના હાથમાં છે. પણ, મિત્ર, જો તમારૂં અવિચળ બ્રહ્મ અબુધ માણસોની ફક્ત કલ્પનાજ હોય, પણ સર્વસમર્થ દેવ જે ખરેખર જીવતો ઈશ્વર છે, જે "રાજાઓનો રાજા અને પ્રભુઓનો પ્રભુ" છે, પૃથ્વી પર જે વસાહતીઓમાં શ્રેષ્ઠ વ્યક્તિ છે, તો પછી તેના હાથનાં કામો પર તેનો પોતાનો અધિકાર છે. સર્વ વસ્તુઓનો માલિક તે છે, કેમકે પૃથ્વી તથા તેનું ભરપુરપણું પરમેશ્વરનાં છે. પૈસાનો હિસાબ ગણીએ કે ઘઉં તોળીએ તો તે ચોકસાઈથી કરીએ, કેમકે તે પર બીજાનો હક છે તે યાદ રાખવું જોઇએ. ઈશ્વરનો અધિકાર માન્ય કરવો તે માણસની પ્રથમ ફરજ છે. ગંગાદાસ, અહી તમારા અનાજના ઢગલા આગળ જવાબ આપો કે, ઇશ્વર ચેતન છે કે જડ છે?"

"તમારી વાત મને ગભરાવે છે, સાહેબ; કૃપા કરીને એ વિષે વિશેષ વિવેચન કરો."

"બહુ સારૂં, પણ આજે નહિ, ગંગાદાસભાઇ. એટલું યાદ રાખજો કે માલીકપણું તે ધર્મનો દરવાજો છે, ઈશ્વરે પોતે એમ યોજ્યું છે. માણસો ધર્મશાસ્ત્રોનો ત્યાગ કરે, પ્રાર્થના કરવામાં

ગફલત કરે પણ પૈસા ગણવાનું કે અનાજ તોળવાનું તેઓ કદી તજી દેતા નથી. એ પ્રમાણે દુનિયામાં ચાલતું આવ્યું છે અને ચાલશે. એ સારૂ પ્રાર્થના કર્યાં અગાઉ, દયાદાન કર્યાં અગાઉ, શાસ્ત્રનું અધ્યયન કર્યાં અગાઉ, પ્રભુ તરફથી આ સરળ પણ કસોટી કરનાર પ્રશ્ન આવે છે કે, 'તારા હાથમાં એ શું છે?' હરકોઈ શખ્સે કયો માર્ગ પસંદ કર્યો છે તેનો આધાર તે સવાલના ઉત્તર પર રહેલો છે, એટલે કે તે જીવતા ઇશ્વરની પાસે પહોંચાડનાર માર્ગ છે અથવા સંદેહો તથા અંધકારમાં ભુલાવનાર માર્ગ છે. ભાઇ ગંગાદાસ, એ વિષે કોઇ દિવસે વધુ વાત કરીશું."

"સલામ સાહેબ, પણ વ્હેલા પધારજો, કેમકે મારૂં મન ગભરાય છે."

## ૨. ખ્રીસ્તી ખેડૂત.

"કેમ, ચતુરમસીહ, કેમ છે? આવો, બહાર પડશાળમાં બેસીને વાર્તાલાપ કરીએ. કેમ, ઘરમાં બધાં ઠીક છેને?"

"હા, સાહેબ: આજ ઘરમાં ઉત્સાહ વ્યાપેલો છે."

"એમજ હોવું જોઇએ, તમારો ચહેરો યમુના નદી પર ચળકતા પ્રભાતના પ્રકાશ સમાન છે. મરીયમ અને બાળકો સારી પેઠે છેને?"

"હા, સાહેબ, હું તેમને લઇને ઘેર આવતો હતો. પણ તેઓ કુવા આગળ સહેજ ઉભાં છે. તેઓ પેલાં આવે."

"આવો, મરીયમ બેન, તમે આવેલાં છો એ જાણીને મડમ સાહેબ ખુશી થશે. ઓહો! કેમ, પ્રેમ અને છોટી દુર્ગાં? આજ સવારે મેં સરદારને બજારમાં તાજી જલેબી લઇ જતાં જોયો હતો. પણ દુર્ગાંને તો જલેબી નથી ગમતી, કેમ?"

"અરે સાહેબ, એની વાતજ ન કરશો. દુર્ગાંએ તો માંદી પડે એટલી જલેબી ખાધી છે. પ્રભુએ અમારા ઘર પર તેની દયા દર્શાવી છે, માટે જમણ કર્યું હતું."

"એ સાંભળીને હું ઘણો ખુશી છું, ભાઇ. આપણા ખ્રીસ્તી લોકને સુખી અને આબાદ જોઈને મને ઘણો હર્ષ થાય છે. મરીયમ, મડમ સાહેબ બંગલામાં છે, અને તમને તથા બાળકોને જોઇને તેમને ઘણો આનંદ થશે. હવે, ચતુર-મસીહ, બોલો, ધંધો કેમ ચાલે છે?"

"ઘઉં વેચાય છે, સાહેબ, અને જાન્યુઆરીમાં ખેડાણ કરવાને બળદની જોડ વેચાતી લેવાની ગોઠવણ કરી છે. એમ કરવાની મારી લાંબા કાળથી ધારણા હતી. વળી જમીનદારે મને ખેતર નાળા સુધી વધારવાનું વચન આપ્યું છે. બે વર્ષમાં પ્રેમ લગન કરવા જેટલી થશે. ગઈ કાલે બહાદુરસીંગ આવ્યા હતા, અને તેમના દીકરાને માટે પ્રેમનું માગું કર્યું હતું. ઇશ્વરે વર્ષની સફળતા પમાડી છે; તેના પવિત્ર નામને મહિમા હોજો."

"બહુ સારી ખબર છે, ચતુરમસીહ ભાઈ, ઘઉંની ઠીક કિમ્મત ઉપજી?"

"બહુ સરસ, સાહેબ; ચાર રૂપિએ મણ ગયા."

"બહુ સારૂં, ભાઈ, હું તમારી સાથે ખુશી છું. મારા ધારવા કરતાં તમને સારો ભાવ મળ્યો છે. મને બીક હતી કે ઘઉંનો ભાવ બેસી જશે, પણ ગમે તેમ હોય, કણીઆ તો ભાવ ખાવાના. શિયાળામાં આપણા ગરીબ લોકોને બહુ ભારી પડશે. તેમને ફક્ત રૂપિયાના ૭ કે સાત શેર લેખે ઘઉં મળશે. ઘણાને બહુ ભારી થઇ પડશે. અને ભુખમરો કદાપિ થાય! ચાર રૂપિયા બજારનો ભાવ છે કે?"

"ના સાહેબ, ઘણાખરા વેપારીઓ ત્રણ કે સવા ત્રણને ભાવે લે છે; પણ ગંગાદાસ, જેની દુકાન મંદિર પાસે છે, તે ચારે ખરીદવા રાજી હતો."

"એમકે! ગંગાદાસને હું ઓળખું છું. કેમ, તેની સાથે વધારે વાતચીત પછી થઇ હતી કે?"

"ઘણી વેળા; વરસાદ પછી દરરોજ તે મને બજારમાં મળે છે. ઈસુ ખ્રીસ્ત વિષે તે ઘણા પ્રશ્નો પુછે છે. ગયે અઠવાડીએ મેં એને સુવાર્તાની એક નકલ આપી હતી. ગઈ કાલે તે મને પૈસા આપતો હતો ત્યારે વિચિત્ર ટીકા કરી હતી કે, 'બજારના ભાવને બદલે ખ્રીસ્તી માણુસ પાસેથી રૂપિયા ચારે ઘઉં લઉં તો 'ઘઉંનો ધણી' રાજી થાય. મેં એને પુછ્યું કે ઈશ્વર ઘઉંનો ધણી છે કે નહિ; પણ તે હસી પડયો અને બોલ્યો કે, 'પ્રભુ જાણે.' ગંગાદાસ ખ્રીસ્તી થાય તો બહુ આનંદની વાત છે."

"એના જેવી બીજી એકે નહિ, ભાઇ, હું એના વિષે દરરોજ વિચાર કરૂં છું. ચોમાસામાં મારે એની સાથે અનેક વેળા વાતચીત થઈ હતી. ત્યાર પછી પણ હું તેની મુલાકાત લયા કરૂં છું. પ્રભુ પરમેશ્વર તે સગુણ વ્યક્તિ છે, અને આ દુનિયા પર તે નિત્ય અમલ ચલાવે છે, અને આપણી સર્વ વસ્તુનો તે માલીક છે—એ મુદ્દારૂપી વાતથી તેના મન પર અસર થઇ છે."

"હા, સાહેબ, ગીતકર્તા કહે છે કે, 'પૃથ્વી તથા તેનું ભરપૂરપણું યહોવાહનાં છે.' મડમ સાહેબે પ્રેમને ગીત શિખવ્યું છે કે, 'ઓ મારા દેવ તથા ભૂપાળ' ઇત્યાદિ. ગયે રવિવારે સવારની ભજનસેવા વખતે તેણી એકલીએ એ ગીત ગાયું હતું. પછી મેં સાક્ષી આપતાં ઇશ્વરની સ્તુતિ કરી હતી, કેમકે નિ:સંદેહ તે એકલોજ સમસ્ત સૃષ્ટિનો ખુદાવંદ છે, અને તેનું માન બીજો કોઇ લેશે નહિ."

"દેવળમાં ઘણાંએ ભાગ લીધો હતો કે?"

"આપણા ઘણાખરા લોક આવ્યા હતા, બે ત્રણ હિન્દુ પણ આવ્યા હતા. તેમાંના એકે મેં જે સાક્ષી આપી તે વાત ઠાકોરધાર જે મોટા જમીનદાર છે તેમને જણાવી હતી, તેથી મને તેમને ત્યાં બોલાવ્યો હતો અને પુછ્યું હતું."

"તમે શો જવાબ આપ્યો હતો, ભાઇ?"

"પ્રથમ તો તે બહુ ગુસ્સે થયો, કેમકે તેણે એમ સાંભળ્યું કે મેં ખ્રીસ્તી લોકને એવું જણાવ્યું કે જમીનદાર જમીનનો ખરો હકદાર નથી. પણ મેં ખુલાસો કર્યો કે મેં કંઇ અમુક શખ્સ કે વ્યક્તિના સંબંધમાં કહ્યું નહોતું; પણ ઇશ્વર વિષે હું બોલતો હતો. પછી એને મારી વાતની સ્પષ્ટ સમજણ પડી ત્યારે તે હસી પડયો અને ખુશી થયો. પછી તેણે મને વચન આપ્યું કે, હું તમને નાળા સુધી ખેતર વધારવા દઇશ."

"ત્યારે તમે પ્રભુનો ઇનકાર કર્યો, એ સારૂં કે તમને જમીનદારની મહેરબાની મળે, કેમ?"

"શું, સાહેબ? હું પ્રભુને નકારૂં? કદી નહિ!"

"પણ તમે ઠાકોરધારને અને તેના કુટુંબને કહ્યું કેની, કે દેવ જીવતો દેવ નથી, પણ નદી કિનારે પડેલી મૂર્તિ કે જે મૂગી તથા બહેરી છે તે સમાન છે?"

"અરે! નહિ! હું કદી એવું દુર્ભાંપણુ કરૂં નહિ. મેં ઇશ્વર વિષે જે સાક્ષી પુરી તથા ઇશ્વરસ્તુતિ કરી તેને લીધે તે ક્રોધે ભરાયો હતો કે નહિ? જે પ્રભુએ મારા પર અનેક કૃપાદાન રેડયાં છે તેનો ઇનકાર મારાથી થાય નહિ. મારા વિષે તમે આવો હલકો વિચાર કરો છો તેથી મારા હૃદયને સખત આઘાત થાય છે."

"પ્રિય ભાઇ, મારૂં સાંભળો. તમે તેને કહ્યું કે, હું વ્યક્તિ વિષે બોલતો નથી પણ દેવ વિષે બોલું છું, એટલે તમારો શો અર્થ હતો? શું એ નહિ કે, દેવ તે વ્યક્તિ નથી?"

"ઇશ્વર તે વ્યક્તિ, એ કેમ બોલાય? શું આપણ ખ્રીસ્તીઓને શિખવવામાં આવતું નથી કે દેવ આત્મા છે?"

"હા, એ સત્ય છે. 'દેવ આત્મા છે' એથી તમે શું સમજો છો? આત્મા તે શું? તે ખાલી પડછાયો છે?"

"પડછાયો? ના, એમ ન બોલાય, પણ મને એ વાતની વધુ સમજણુ નથી, માટે મને સમજાવો, સાહેબ."

"વારૂ, ભાઇ, આત્મા તે પડછાયો નથી; તે જીવવંત વ્યક્તિ છે; અર્થાત્, આત્મા તે સગુણ છે, જ્ઞાની છે, સારા નરસાનો ભેદ જાણી શકે છે, અને સારૂં કે નરસું પસંદ કરી શકે છે. હું અને તમે આત્મા છીએ, એટલે વ્યક્તિ છીએ. પ્રભુનું શાસ્ત્ર કહે છે કે, માણસ દેવની પ્રતિમામાં સૃજાયું હતું, અને દેવ આત્મા છે."

"પણ હું તો ધારતો હતો કે જેને વ્યક્તિ કહીએ તે તો જીવતું પ્રાણી હોય!"

"હા, બરાબર; પણ શું દેવ જીવવંત નથી?"

"પણ, સાહેબ, બૈબલ કહે છે કે, કોઇ માણસે કદી દેવને દીઠો નથી; પણ આપણે વ્યક્તિઓને જોઇ શકીએ છીએ."

"ના, ના, ચતુરમસીહ, એ તમારી ભૂલ છે. આપણે વ્યક્તિને જોઇ શકતા નથી. ખરૂં જોતાં હું તમને જોઇ શકતો નથી; અને તમે મને જોઇ શકતા નથી. તમે ફક્ત મારૂં શરીર—એટલે જે ઘરમાં હું રહું છું તે—જોઇ શકો છો. ઠાકોરધારે તમારા શરીર ઉપર નહિ પણ તમારા ઉપર ગુસ્સો કર્યો હતો, કેમ?"

"હા, સાહેબ, બરોબર છે."

"ભાઇ, તમે જાણો છો કે પૃથ્વીપર રહીએ ત્યાં સુધી દેહની જરૂર પડે છે. દેહ વિના રહેવા આપણે હજુ શિખ્યા નથી, તેથી આપણે ઘણીવાર ગુંચવાડામાં પડીએ છીએ. શરીર વગરની વ્યક્તિ કેવી હોય તે આપણે સમજી શકતા નથી. તોપણ આપણે માનીએ છીએ કે, જેમ બોજો હેઠળ ફેંકી દઇએ તેમ કોઇ દિવસે આપણે આ દેહ ઉતારી મુકીશું. તમે તમારા આત્મા વિષે બોલો છો ત્યારે તમે પોતા વિષે બોલો છો. કેમ, હવે સમજો છો?"

"હા, સાહેબ, તમે સ્પષ્ટ ખુલાસો કર્યો છે."

"વારૂ, ચતુરમસીહ. 'દેવ આત્મા છે' એ પરથી આપણે શું કહેવા માગીએ છીએ એ તમે નથી સમજતા? એજ કે,

'દેવ જીવવંત, જાણનાર, જોનાર, સમજનાર વ્યક્તિ છે.' અલબત દેવને આપણી માફક હાથ પગ નથી. તેને મૂર્તિપૂજક લોક સાકાર સમજીને પૂજે છે. પણ તે સજીવ વ્યક્તિ છે—"અદ્ભુત મંત્રી, પરાક્રમી દેવ, સર્વકાળનો પિતા, શાંતિનો સરદાર" છે. ઈશ્વરની આશિષ તમારા પર રહે છે તેનો અનુભવ તમને થયો નથી? અને જેમ મારો હાથ તમારા ખભા પર મુકયો છે તેની ખાતરી તમને છે તેમજ શું તેની આશિષ મળ્યાની ખાતરી તમને લાગતી નથી?"

"સત્ય છે, સાહેબ. તમારા શબ્દોએ કરીને મારૂં હૃદય મારી માંહે ઉછાળા મારે છે."

"હા, ભાઈ, હું જાણું છું કે તમે સાચા દિલના છો, ને પ્રભુનો નકાર કરવા તમે માગતા નહોતા."

"પણ સાહેબ, ઠાકોરધાર આગળ મારે શું બોલવું જોઇતું હતું? હું એટલો બધો અજ્ઞાન છું એ જાણીને મને બહુ શરમ લાગે છે."

"જમીનદારે તમને તેને ઘેર બોલાવ્યા ત્યારે પરમેશ્વરે તેને અર્થે સાક્ષી પૂરવાનો ઉત્તમ પ્રસંગ તમને પમાડ્યો હતો. ઠાકોરધારને તમારે કહેવું જોઈતું હતું કે, કાયદા પ્રમાણે તમારી જમીનના તમે માલીક છો, અને તમે અમારા ઉપરી છો એ જાણીને અમે ઘણા રાજી છીએ, કેમકે તમે ન્યાયી અને દયાળુ માણસ છો, તો પણ જમીનનો ખરો માલીક તે સૃષ્ટિનો ઉત્પન્ન કરનાર પરમેશ્વર છે. અને જમીન પર જે જે છે—માણસ, ઢોર, ઝાડ, ઘાસ, ફળ, અનાજ—તે સર્વનો ધણી તે છે. વળી પરમેશ્વર એવું ચાહે છે, કે દરેક માણસ પ્રથમ તેને સર્વનો ધણી જાણીને માન આપે, કેમકે તેનું નામ સર્વ નામો કરતાં ઉત્તમ છે. ચતુરમસીહ, એજ સત્ય વાત છે, અને આ દેશના ખ્રીસ્તીઓ સાક્ષી પૂરવામાં હિમ્મતવાન થશે, અને ચાલચલગતમાં પવિત્ર થશે, ત્યારે "સત્ય લોકોને છૂટા કરશે." લોકો તેમનાં અનેક દેવદેવીઓ તરફથી ફરી જઇને જીવતા

દેવના માનનારા થશે. પણ જ્યારે ઠાકોરધારે તમારી વાત સાંભળી ત્યારે તે હસી પડ્યો અને રાજી થયો. તેનું શું કારણ? એજ કે તમે તેને કહ્યું કે જે દેવને ખ્રીસ્તીઓ માને છે તે ઓળખી શકાય એવો નથી. વળી એ કે તે સજીવ વ્યક્તિ નથી, પણ હિંદુ પંડિતોએ વર્ણવેલા નિર્ગુણ અને બેદરકારી બ્રહ્મના જેવો છે. અલબત એજ શબ્દો તમે બોલ્યા નહોતા અને તમારા મનમાંએ નહોતા, તો પણ ઠાકોરધારે તો એવોજ મત બાંધ્યો, કેમકે તે હિંદુ છે, અને તેમના શાસ્ત્રીઓ એવી વાત તેમને શિખવે છે.

"અરે! સાહેબ, હું શું કરૂં? મને માફ કરશો?"

"ઓ ભાઈ, મારે કંઇ માફ કરવાનું નથી; તમારો ગુન્હો ઇશ્વર વિરૂદ્ધ હતો. હું માનું છું કે ઈશ્વરે તમને માફી આપી છે, કેમકે તેની કૃપા અપાર છે. પણ, મારૂં મન બહુ દુઃખિત છે, કારણ કે મને ધાસ્તી છે કે અનેક વેળા આવી ભૂલ કરવામાં આવશે. હિંદના ખ્રીસ્તીઓનું આ એક ખાસ પરીક્ષણ છે— હા, આખા દુનિયામાં વસતા ખ્રીસ્તીઓ એવી ભૂલ કરે છે. ઇશ્વર જીવવંત વ્યક્તિ છે એ વાત તેઓ બહુ વેળા લક્ષમાં લેતા નથી. આથી તેઓ તેને વિસરી જઇને અનેક પ્રકારના ફાંદામાં પડે છે. એનું કારણ સ્પષ્ટ છે. ખ્રીસ્તી લોક પણ વિધર્મી લોકોની માફક મિલકત, આવક તથા પગારનો વિચાર નિત્ય કરે છે; અને એ સ્વાભાવિક છે, કેમકે તેઓને કુટુંબ પાળવાનાં છે. પણ અમારી મિલકતનો ધણી જીવવંત પરમેશ્વર છે એવા કબુલાત તેઓ કરતા નથી. તેમના સઘળા વિચારોમાં ઈશ્વર નથી. બળદ, અનાજ, ધન આદિનો વિચાર તેમનાં હૈયાંમાં છે, તો પણ એ બધી વસ્તુઓનો ખરો ધણી પરમેશ્વર છે એ વિચાર તેમનાં હૈયાંમાં નથી."

"એ વિષે મને વધુ જણાવો, સાહેબ. ઇશ્વર સજીવ વ્યક્તિ છે એનું સંભારણું હમેશ મને થાય એવો માર્ગ સૂચવો; કેમકે હું હૃદયપૂર્વક તેને ચાહું છું અને સદા તેને માન આપવાને ઇચ્છું છું."

"હા, ભાઈ, તમારા વિષે મારો સારો અભિપ્રાય છે; અને હું તમને એ બાબત વિષે કંઈ સહાય આપી શકીશ, એમ માનું છું. હવે મને જવાબ આપો, આ જીલ્લામાં લોકની વસ્તી કેટલી હશે?"

"મને ખબર નથી, સાહેબ; ઘણાં હજારો માણસો હશે."

"બરાબર છે, હજારો અને લાખો માણસોની વસ્તી છે. તમે સઘળાને કંઇ ઓળખતા નથી, ખરૂંને?"

"ખચિત નહિ; જીલ્લામાં હું એકેએકને ઓળખી શકું નહિ; આ શહેરના ઘણાને હું ઓળખતો નથી."

"તમે ગામના તલાટી હોત તોપણ દરેકનાં નામ યાદ રાખવાં મુશ્કેલ પડત. પણ હવે, તમે વિચાર કરો ને જેમને ઓળખતા હો તેમનાં નામ યાદ કરો. જે વધારે યાદ આવતાં હોય તે બોલો."

"એમ કરવું જરા મુશ્કેલ લાગે છે; હું તમારા વિષે વિશેષ વિચાર કરૂં છું."

"વાહ! તમે તો ખુશામતિયા છો! પણ એ ખરૂં છે, ભાઇ, કેમકે હું તમને મારી પ્રાર્થનામાં બહુ સંભારૂં છું. હવે બીજું કોણ યાદ આવે છે?"

"મારી પત્ની તથા બાળકો, ખાસ કરીને તેઓથી હું દૂર હોઉં ત્યારે."

"હવે બીજું કોણ?"

"કોઇ યાદ આવતું નથી; ઘણાં મનમાં આવે છે—થાણદાર, કણીયો, મારો ભાઇ મસીહચરણ—હું બધાંને ગણાવી શકતો નથી."

"ખેતરમાં હો, અને વાવણી કરતા હો ત્યારે કોણ યાદ આવે છે? કોઈ ખાસ શખ્સ લક્ષમાં આવે છે?"

"હા, સાહેબ, જમીનદાર."

"વરસાદ પડે અને સારો પાક થાય ત્યારે પણ તે યાદ આવે છે?"

"હા."

"પણ જો વરસાદ નહિ આવે અને નબળું વર્ષ આવે ત્યારે પણ જમીનદાર મનમાં આવે?"

"ખસુસ; ત્યારે તો વળી ઘણોજ!"

"આ અડવાડિયે તમે જોડ બળદની ગોઠવણ કરી ત્યારે તેને યાદ કરેલો કે?"

"ખચિત, મારે તેની પરવાનગી મેળવવી પડી હતી, કેમકે તેને આપવાને પુરતા પૈસા મારી પાસે નથી. તેને ત્યાં તેમને ઘરેણે મુકેલાં છે."

"તમે પ્રેમના લગ્નનો વિચાર કરો છો, અને નાની દુર્ગાને યાદ કરો છો ત્યારે પણ તેને યાદ કરવો પડે છે કે?"

"મને તેમનો વિચાર જે કોઈ વાર આવે, તે વખતે જમીન-દારનો પણ વિચાર કરવો પડે છે."

"ચતુરમસીહ, મને લાગે છે કે તમે જમીનદારને બધાં કરતાં વધારે યાદ કરો છો, કેમ?"

"હા, સાહેબ, મારે એ કબુલ કરવું જોઇએ."

"પણ શા માટે તમે તેનેજ લક્ષમાં વારંવાર લો છો?"

"કેમકે હું તેનો દેવાદાર છું. જે જમીન હું ખેડું છું તે તેની છે, અને પાક ઠીક થાય કે નહિ તોપણ મારે તેને અનાજનો અમુક ભાગ તો આપવોજ પડે છે. જે મકાનમાં હું રહું છું તે તેનું છે, મારે તેને ભાડું ભરવું પડે છે. પંદર વર્ષ અગાઉ, મારા લગ્ન વખતે મેં પૈસા ઉછીના લીધા, અને તે ભરપાઇ થયા નથી. બળદને માટે તેણે મને અર્ધી રકમ ધીરી છે, તે મારે ખાતે ચઢી છે. મારે તેને રોજ યાદ કરવો પડે છે, કેમકે રોજરોજ અમારે તેનું કામ પડે છે."

"પણ તમે કંઇ દરરોજ તેને મળતા નહિ હશો?"

"ના, પણ તે દરરોજ અનેક વાર યાદ આવે છે. રાતના ઉજાગરા થાય ત્યારે પણ તે બહુ યાદ આવે. કદી તેનું વિસ્મરણ થાય તો મારૂં હળ અને મારા બળદ મારા જોવામાં આવે છે કે બસ. અરે! આ ઘડીએ જાણે તે દેવાનું ટીપણું લઇને ઉભો હોયની એવો ભાસ થાય છે! કરજદાર થવું એ ભારે દુઃખની વાત છે. કરજદારના મનમાં કદી ચેન પડતું નથી!"

"ચતુરમસીહ, તમે જે કહો છો તે સત્ય છે, પણ તેમાં બધું આવી ગયું નથી; બીજી અગત્યની વાત તમે ભૂલી ગયા."

"બોલો, બોલો, સાહેબ, દેવું મારા હૃદયને કોરી ખાય છે."

"ધારો કે ઠાકોરધાર જ્યાં તેનાં ધનવાન સગાંવ્હાલાં રહે છે એવા દૂર દેશ જતો રહે. જતાં પહેલાં તે તમને કહી જાય કે, મારૂં આવવું નિશ્ચિત નથી. હું આવીશ તો ખરો—ત્યાં સુધી તમે તમારૂં ખેતર ખેડજો, કાંઇ વિઘોટી ભરવી નહિ પડશે. તે નજર બહાર થાય તોએ તે તમારા મનમાંથી બહાર જાય કે નહિ?"

"તેની મહેરબાનીને લીધે હું તેનો આભારી થઇ રહું."

"ખરી વાત, પણ શું તમે તેને નિત્ય સ્મર્યાં કરશો?"

"હા, સાહેબ, તેનું આવવું એકાએક થાય અને હિસાબ માગે તેની ધાસ્તી મનમાં રહેવાથી ઠાકોરધાર નિત્ય યાદ રહે."

"હા, એ તો સ્વાભાવિક છે, અને ખાસ કરીને પ્રથમનાં એક બે વરસ સુધી, પણ ઘણાં વર્ષો વિતી જાય ને તે આવતાં વિલંબ કરે, ને કોઈ ઉઘરાણી કરવા કે ભાડું ઉઘરાવવા આવે નહિ; કોઈ સાહુકાર દેવું ઉઘરાવવા તમારા બારણા પાસે આવે નહિ, તો જમીનદાર કદી યાદ આવે?"

"હા, સાહેબ, તમારી વાત તદન સત્ય છે; કદાપિ હું તેને વિસરી જાઉં; સાતેક વર્ષ ઉપર છોટાલાલે મારી પાસેથી બાર રૂપિયા ઉછીના લીધા હતા. તે એવો ભુલકણો છે કે મારે તેને હમેશ કહેવું પડે છે. જો એક વર્ષ હું પરદેશ જાઉં તો તે જરૂર મને તથા મારા પૈસાને વિસરી જવાનો!"

"ખરેખર, ભાઈ, આપણામાંના ઘણા બાપડા છોટાલાલના જેવા છીએ. આપણી અબળતા તથા મૂર્ખાઈ પ્રભુને ખબર છે. તેને ખબર છે કે તે જીવવંત વ્યક્તિ છે તે આપણે ઝટવારમાં ભૂલી જઈએ છીએ અને હિંદુઓ જેમ બ્રહ્મ વિષે વિચાર કરે છે તેમજ તેના વિષે આપણે વિચાર કરીએ છીએ. ઈશ્વરને તદન ભૂલી જવો, અથવા તે જડ, આભાસરૂપ, અશક્ત, અજ્ઞાન, અપ્રેમી એવો તેને કલ્પવો એ અતિશય મોટો ગુન્હો છે. ઈશ્વર બાપ પોતાનાં છોકરાંને આવા ભયંકર અંધકારમાં પડવા નહિ દે. તે કારણને લીધે તેણે મિલકત સંબંધીનો કાનુન રચ્યો. માલમિલ્કત, મુસારો, ધન એ હમેશાં માણસના મનમાં રમ્યાં કરે છે. એ કાનુન દેવના પ્રીતિમય હ્રદયમાંથી ઉદ્‌ભવ્યો છે, કેમકે દેવ પ્રીતિ છે."

"એ શો કાનુન છે, સાહેબ?"

"એ વિષેજ આપણે હમણાં વાત કરતા હતા, અને તે તમને બરોબર ખબર છે કે, 'માલના ધણીને કબુલ કરવો જોઇએ.'"

"પણ તે કેમ બને?"

"તમે કબુલ કરો છો કે ઠાકોરધાર જમીનદાર છે, અને તેને જમીન પર હક છે."

"હા, હું તે કબુલ કરૂં છું."

"તમે કેવી રીતે કબુલ કરો છો?"

"હું તેને અનાજનો અમુક ભાગ આપું છું."

"તે કોણ ઠેરવે છે—તમે કે જમીનદાર?"

"એ તો જમીનદાર પોતેજ ઠેરવે. હું ફક્ત તેનો સાંથિઓ છું."

"પણ એ જમીનનો ખરો ધણી શું જમીનદાર છે?"

"નહિ, 'પૃથ્વી યહોવાહની છે.' ઠાકોરધારને સરકાર તરફથી પટો મળ્યો છે."

"ત્યારે હવે ઇશ્વરનું ખાસ ધણીપણું કેવી રીતે સ્વીકારીશું? શું તે વ્યક્તિ નથી? મિલકતનો નિયમ પ્રભુ પાસેથી આવ્યો છે, અને તેનો અમલ સર્વત્ર છે. હવે પ્રભુ આપણને ઉપજ મેળવવાને શક્તિ પમાડે છે, તો તે જે ઠરવે તેટલો આપણી આવકનો ભાગ તેને નહિ આપીએ? જે જમીન પર આપણે રહીએ છીએ અને જેના પર તેની હકુમત ચાલે છે, અને વળી પૈસા કમાવાને જે સામર્થ્ય તે પમાડે છે તેની આણ આપણે એવી રીતે શું નહિ સ્વીકારીએ?"

"પણ અર્ધાં કરતાં વધારે દાણા મારે જમીનદારને ભરવા પડે છે, તે મારા હાથમાં રહેતા નથી."

"ખરી વાત, ઈશ્વર જે જમીનનો ખરો ધણી છે તે જેમ તમારી પાસે તેમ જમીનદાર પાસે પણ કબુલાત લેવા ચાહે છે—પણ અફસોસની વાત છે કે ઠાકોર એ સમજતો નથી. તોપણ તમારી પાસે કેટલોક ભાગ રહે છે, તે વિના તમારો નિર્વાહ ચાલે નહિ. તમને જે મળે છે તેમાંથીજ તમારે પ્રભુનું ધણીપણું કબુલવું જોઇએ."

"પણ સાહેબ, પૈસા અને દાણા ઇશ્વરને શા કામના છે? એ વસ્તુઓ દેવના ખપમાં કેમ આવે?"

"ભાઈ, વિચાર કરીને બોલો: શું પ્રભુ વ્યક્તિ નથી?"

"અરે! મારી ચુક થઈ! અલબત તે વ્યક્તિ છે; તે મારો સ્વર્ગીય પિતા છે. પણ શું બોલવું તે મને સુઝતું નથી. ઇશ્વર કેવી રીતે ધન કે દાણા સ્વીકારે?"

"કેમ, ભાઈ, ઠાકોરધારને તેનો હિસ્સો આપવાનો જુદો કરો, અને તે તમને તેનો ભાગ તેના દીકરા રામચરણને આપવાનો હુકમ કરે તો તે તેનેજ આપ્યું નહિ ગણાય?"

"હા, એમજ મારે કરવું પડયું હતું. હવે મને સમજ પડે છે. ઇશ્વર તેનો હિસ્સો જેને આપવા કહે તેને હું આપું તો તેનેજ આપ્યું ગણાશે. બહુ સારી વાત છે!"

"હા, બહુ સારી વાત છે. પ્રભુને આપણે આવકમાંનો કેટલો હિસ્સો આપવો જોઈએ?"

"મને શી ખબર છે, સાહેબ?"

"હા, તમને ખબર હોવી જોઇએ. ઘણી વેળા મેં તમને એ વિષે કહ્યું છે, અને તમે પોતે બૈબલમાં વાંચ્યું છે. કેમ યાદ નથી?"

"એ દશાંશ વિષે વાત છેને, સાહેબ?"

"હા, એજ, તે ઇશ્વરી નિયમ છે. તેણે કોઈ બીજું પ્રમાણ ઠરાવ્યું હોત, પણ દશાંશ આપવાનો નિયમ તેણે ઠરાવ્યો છે. એ કાનુન બૈબલ કરતાં પુરાતન છે. પૃથ્વી પર ઇશ્વરભક્તિ શરૂ થઈ ત્યારથી તે સ્થાપન થયો. સર્વ જગીક વસ્તુ પર તે ઇશ્વરનો અમલ દેખાડે છે."

"પણ સાહેબ, એ નિયમ ધનવાનને માટે તેમ ગરીબને માટે પણ છે? દશમો ભાગ આપવો એ ગરીબ માણસને ભારે પડે. તેમને આવક થોડી અને જાવક ઘણી છે."

"ઇશ્વર વિષે આપણા વિચાર કેવા વિચિત્ર છે! જાણે તે જુલમથી લેતો હોય! દશાંશ વડે આપણે તેનું ધણીપણું કબુલ કરીએ છીએ, પછી આવક થોડી હોય કે વધારે હોય. એ નિયમ આપણે સમજવો જોઇએ. એ નિયમનો ભાવાર્થ એ છે કે, આપણે ઇશ્વરના ધણીપણાને સ્મરણમાં લાવીએ એ સારૂ કે તેની કૃપા તથા સંભાળની આશા રાખીએ. નિર્ધનાવસ્થામાંથી બચી જવાનો માર્ગ એ નિયમ છે. ગરીબ માણસ તેને લક્ષમાં રાખે તો તેમની ઘણી અડચણ દૂર થાય. દેવાનો બોજો તેમને અસહ્ય દીસે છે, પણ જો દશાંશ આપવાનું ચુકે નહિ તો પ્રભુ તેમની વ્હારે આવ્યા વિના રહે નહિ. પણ તેઓ દેવ વગર રહેવા ઇચ્છે છે, અને તેઓ કંગાલ જીવન ગાળીને નાશ પામે છે. કેટલાંક નાનાં પક્ષી તોફાનમાં સપડાય છે ત્યારે તેઓ ખડકનો આશ્રો લેતા નથી—તેમના જેવા એ

ગરીબ માણસો છે. પૈસાદારો આ નિયમનો ભંગ કર્યાને લીધે તેઓનું ધન તેમના પોતાના પગને પાસરૂપ થાય છે. તેઓ પોતા વિષે સંતુષ્ટ થાય છે, અને તેમને લાગે છે કે અમને કશાની ગરજ નથી. કૃપાળુ ઇશ્વરને તેઓ લુટે છે—ધન સંબંધી નહિ પણ માન, વફાદારી, અને આજ્ઞાપાળણુ સંબંધી.''

"પણુ સાહેબ, એ દશાંશનો નિયમ ફરજીઆત છે?"

"ભાઈ, વફાદાર રહેવું, પ્રમાણિક થવું, એ ફરજીઆત છે? ઇશ્વર વ્યક્તિ છે, એટલે જીવે છે, જુએ છે, જાણે છે એ જો તમે હરઘડી વિસરી ગયા ન હોત તો એવો સવાલ તમે પુછત નહિ. જો તમે ઠાકોરધારના સંબંધમાં વિચાર કીધો હોત તોએ એવો પ્રશ્ન પુછત નહિ; હા, જો કે તમે જાણો છો કે તે તમારી પરવા કરતો નથી, ને ફક્ત પોતાનોજ વિચાર કરે છે. વફાદારી, પ્રમાણિકપણું, સદ્વર્તન, સત્ય—શું એ ફરજીઆત છે?"

"ત્યારે તો આ કાયદા પ્રમાણે ઇશ્વર મારો ધણી નહિ પણ ભાગીદાર ગણાય!"

"ખરી વાત, ચતુરમસીહ, તમે હવે સમજ્યા. આ દિવસને હમેશ યાદ રાખજો. મારા મિત્ર, સુવાર્તામાં શોધ કરો અને તે સંબંધી ખ્રીસ્તનું વચન શોધી કાઢો. યોહાનની સુવાર્તા ૧૫મો અધ્યાય ને ૧૫મી કલમ વાંચો. હર્ષ કરો, કારણ કે આજે પૃથ્વી પર ઇશ્વરનું રહસ્ય તમારા સમજવામાં આવ્યું છે,—"હવે તમને દાસ નહિ, પણ મેં તમને મિત્ર કહ્યા છે." હવે તેના અમલનો સ્વીકાર કરશો અને તેના મિત્ર થશો?"

"ખચિત, ખચિત, સાહેબજી, આજથી હું મારી આવકનો દશમો ભાગ જુદો રાખીશ. ગંગાદાસ તરફથી જે પૈસા અત્યારે મને મળ્યા છે તેનો દસમો ભાગ પ્રભુને આપીશ."

"પ્રભુના નામને સ્તુતિ હો, તમે જે માનતા લીધી છે તે વિષે તમને કદી પસ્તાવો થશે નહિ."

"પણ, સાહેબજી, તમારી સલાહની મને જરૂર પડશે, નહિ નો ગફલત થઈ જાય. મારા આકાશમાંના મિત્રને ખેદ પમાડવા હવે મને ગમતું નથી. મારા દશાંશનું શું કરવું? કૃપા કરીને જણાવો."

"તમે બહુ આતુર થયા છો! પણ પુછવાની કાંઈ જરૂર નથી કે, દશાંશનું મારે શું કરવું? કેમકે તે "યહોવાહને સારૂ પવિત્ર છે." પણ આપણે એ જાણવું જોઈએ કે, ઈશ્વરે પોતાના દશાંશનું શું કીધું? આ પવિત્ર હિસ્સો ખાસ તેનો છે. તેણે પોતાનો હેતુ જાહેર કર્યો છે, માટે એ વિષે ભૂલ કરવાનું કંઈ પ્રયોજન નથી. એ વિષય મંડળીને લગતો છે, કેમકે એમાં ખ્રીસ્તી કારભારીપણાનો તમામ અર્થ સમાએલો છે. માટે પાળક ઈશ્વરપ્રસાદને મારી સલામ સાથે કહેજો કે, પ્રભુની ઇચ્છા હોય તો હું ફરી અહીં આવતા સોમવારે સાંજે આવીશ, તે વખતે અહીં તે હાજર થાય તો સારૂં."

"ઠીક, સાહેબ."

"આપણે કારભારીપણા વિષે સંવાદ કરીશું, અને પછી પાળક સાહેબની મરજી હશે તો આપણા ખ્રીસ્તી લોકને ભેગા કરીશું. માલમિલ્કત વિષેનો આ અગત્યનો કાનુન જાણીને તેઓને ફાયદો થશે. એથી હિંદુઓને તથા મુસલમાનોને પણ ફાયદો થાય. મારી ખાતરી છે કે ગંગાદાસ તે વિષે સાંભળીને ખુશી થશે. કેમકે દશાંશ આપવાની સાદી અને ઉત્તમ રીતિથી આપણે ઈશ્વરના ધણીપણાનો અને અમલનો સ્વીકાર કરીએ છીએ. પણ મને બીક રહે છે કે કદાપિ ગંગાદાસભાઈ ખ્રીસ્તીને ઘેર આવે નહિ. પણ પાળક સાહેબને તો ખબર આપજો, અને દશાંશ અને કારભારીપણા વિષે આપણે ઈશ્વરનો ઠરાવ જાણીશું. આહા! બેન મરિયમ અને બાળકો આવે છે; દુર્ગા જલેબી ખાતી આવે છે! સલામ, ભાઈ, સલામ, બેન મરિયમ અને પ્રેમી, પ્રભુ તમને આશિષ આપો! પાળક સાહેબને જરૂર મારી સલામ કહેજો."

"સાહેબજી, હું તે નહિ ભુલું."

## ૩. ગામની સભા.

"પાળક સાહેબ! પાળક સાહેબ! તમને પકડી પાડતાં તો હું દોડીને હાંફી ગયો!"

"સાહેબજી. હમણાં હું ઉભો રહીને વાત કરી શકતો નથી. તહેસીલદાર મને બોલાવે છે."

"કેમ, કાંઈ છે કે?"

"હા, તેનો કાકો મરણપથારી પર છે."

"શું પેલો ધનવાન વૈદ જૈસુખરાય?"

"હા, એજ, પણ તે હવે દરિદ્રી થઈ ગયો છે! તેનાં સગાં-વ્હાલાં વારસો વ્હેંચી લેવા પડયાં છે. વૃદ્ધ વૈદ મરણપથારી પર પડયો પડયો તેમને વઢી મરતાં જુએ છે! મને તેની દયા આવે છે. જુવાની ગઈ, તનદુરસ્તી ગઈ, દોલત ગઇ પણ તેના વિચારો હજી દોડાદોડ કરે છે. મારે તેને મળવું જોઇએ; મને માફ કરજો."

"ઇશ્વરપ્રસાદભાઈ, મને પણ સાથે આવવા દો. તે ડોસો તમારી સાથે વાત કરી શકશે?"

"નહિ, પણ હું તેની પાસે બેસું એવું તે ઈચ્છે છે. તમને ખબર છે કે તેણે આપણા ખ્રીસ્તી લોકના મિત્રની ગરજ સારી છે; અને તેના પર મારૂં દીલ હમેશ દોડે છે. દરવાજા પર બેસીને બ્રાહ્મણો મંત્ર ભણે છે, ત્યારે હું તેના ખાટલાની ઈસ પર બેસીને મનમાં પ્રાર્થના કરૂં છું. મને ખાતરી છે કે મારા પાસે બેસવાથી તેને દિલાસો મળે છે."

"તેણે ઘણા પૈસા ખેરાત કર્યાં છે, નહિ?"

"ખરી વાત, ભાઈ, તેના જેવો પરગજુ અને ઉદાર માણસ આ જીલ્લામાં કોઇ બીજો થયો નથી. ગઇ કાલે વારસાને માટે તેના છોકરા તકરાર કરતા હતા ત્યારે મ્હો મલકાવીને તેણે મને કહ્યું કે, ગરીબોને જે પૈસા મેં આપી દીધા તે વિષે તેઓ તકરાર કરી શકતા નથી. નવા કરારમાં વર્ણવેલા રૂમી

કર્નેલીઅસના દાનધર્મની માફક એ માણસનાં દાન દેવની આગળ સંભારણાને સારૂ જશે."

"આશા છે કે તે મરણ પામ્યા અગાઉ ખ્રીસ્તનો અંગીકાર કરશે. તે હૃદયમાં તો ખ્રીસ્તી છે એવી મારી ખાતરી છે. એ માણસે દાનધર્મમાં જેટલા રૂપીઆ આપ્યા છે તેટલા કોઈ ખ્રીસ્તીએ આપ્યા હશે?"

"ના, હિંદુસ્તાન દેશમાં તો નહિ; અહીંના ઘણાખરા ખ્રીસ્તીઓ ગરીબ છે. પાઉલ પ્રેરિત શું કહે છે? "ભાઈઓ, તમે તમારા તેડાને જુઓ છો, કે દેહ પ્રમાણે ઘણા જ્ઞાનીઓ, ઘણા પરાક્રમીઓ, ઘણા કુળવંતો તેડાએલા નથી."

"અફસોસ, પાળક સાહેબ, એમ શા માટે હોવું જોઇએ? હું ઈશ્વરની વિનંતી કરૂં છું કે આપણા ખ્રીસ્તી લોકની સ્થિતિ સુધરે, અને તેઓ ધનવાન અને મોટામાં ગણાય."

"નારે, એવી પ્રાર્થના કરશો નહિ; પણ એવી માગણી કરો કે આપણા લોક દેવના ધણીપણાનો સ્વીકાર કરે. "સારૂં નામ એ પુષ્કળ ધન કરતાં ઇચ્છવા યોગ્ય છે."

"હા! હા! એમજ ગયે રવિવારે પાદરી સાહેબે કહ્યું હતું. તેમણે મને બહુ સુંદર વાતો શિખવી છે, અને તેઓ મારે ત્યાં આજ સાંજે આવવાના છે. તેમણે તમને સલામ કહેવડાવી છે કે તમે પણ તે પ્રસંગે હાજર રહેજો."

"ખચિત, ભાઇ ચતુરમસીહ, ઈશ્વરના પથ સુંદર છે! આજેજ હું સાહેબને બંગલે જવાનો હતો, પણ તેઓ પોતે અહીં આવશે એ ઠીક થયું. મારે વધામણીની વાત કહેવાની છે; ગંગાદાસ બાપ્તિસ્મા માગે છે, એ સાંભળીને તેમને આનંદ થશે."

"ઈસુના નામની સ્તુતિ થાઓ! એક મહિનો થયાં હું તેની રાહ જોતો હતો. ઘણી વેળા ગંગાદાસ જોડે હું વાત કરતો હતો, ગયે અઠવાડિયે તેને ત્યાં મારા ઘઉં વેચાયા ત્યારે પણ તેની સાથે વાત થઇ હતી. તે ખ્રીસ્તી થાય એ કેટલા હર્ષની વાત!"

"હા, જીવતા પરમેશ્વરનું જ્ઞાન પામવાને તે ઘણો આતુર હતો. હજારો હિન્દુઓ પોતાનાં દેવદેવીઓથી કંટાળી ગયા છે."

"શું તેણે તમને પોતાના ખ્રીસ્તી થવા વિષે વાત કરી?"

"હા, ચોમાસામાં પાદરી સાહેબે તેની સાથે ઘઉં તથા પૈસા સંબંધી વાત કરી હતી, અને જ્યાં માલમિલકત હોય ત્યાં અમુક વ્યક્તિની સત્તા ને હાજરી સમાએલી છે—એનો ખુલાસો કીધો હતો."

"પાળક સાહેબ, ગંગાદાસને મારા જેવા ગરીબ માણસને ઘેર આવવાને સમજાવી નહિ શકો? સાહેબ તેને જોઇને ખુશી થશે."

"મને લાગે છે કે ગંગાદાસભાઈ ખુશીથી આવશે. તે આપણા પાદરી સાહેબનો બહુ આદરસત્કાર કરે છે; અને અત્યારે આપણા ખ્રીસ્તી લોક સાથે થોડો સંબંધ રાખે છે. પણ તમે પોતે તેને આમંત્રણ આપો તો ઠીક. જૈસુખરાય પાસે જવાની ખાસ મારે જરૂર છે. સાહેબજી, સાંજે ફરી મળીશું. ગંગાદાસને મારી કુશળતા કહેશો, વળી સાહેબને મારી સલામ સાથે ખબર આપજો કે ઇશ્વિરપ્રસાદ સભામાં હાજર થશે."

---

(પ્રેમ નામની ખ્રીસ્તી છોડી ગાતી ગાતી આવે છે.)

"મનની અંદર કરવા મંદર
આવો, હે શુદ્ધાત્મા નાથ;
આદર ભાવે ને ઉલ્લાસે
બહુ સન્માને જોડું હાથ."

"શાબાશ, પ્રેમ, બહુ સુંદર ગીત છે! અને રાગ બહુ મનોહર! એ નવાં ગીતોમાંનું એક છે. ક્યાં શીખ્યાં?"

"મડમસાહેબ પાસેથી. એ ગીત આખું મને આવડે છે."

"બહુ સારી વાત! પાદર સુધી મને વળાવવા આવ્યાં? આભાર થયો. બહુ ખોટી થવું પડ્યું?"

"ના, સાહેબ. (હાર દેખાડીને) આટલી અલ્પ ભેટ સ્વીકારશો?"

"ઓહો, ફૂલનો હાર છે! બહુ મનોહર છે! પણ મારે તો ઘુંટણુ સુધી હેઠા નમવું પડે, નહિતો કુદકો મારીને પહેરાવશો? હા! હા! જાણે મોટા રાજાનો કુંવર પરણુતો હોય એટલો મને આનંદ થાય છે! ઠીક ત્યારે, હવે સાથે સાથે ચાલીશું. કોણે એ હાર બનાવ્યો, તમે?"

"નાજી, મારી માએ બનાવ્યો છે. મેં તથા દુર્ગાંભાઈએ ફૂલની ટોપલી પકડી રાખી હતી."

"બહુ સારૂં, એમાં તમારી અને દુર્ગાંની મહેનત તો ખરી, હું તમારો બહુ પાડ માનું છું. સરદારને મેં પેલો ડબો આપ્યો છે, તેમાં તમારે માટે મિઠાઇ છે, તે જોઇને તમારા મ્હોમાં પાણી છુટશે. ઘરે પહોંચીશું કે તે ખોલીશું. તે જોઇને દુર્ગાં નાચવા મંડી જશે. આ રહ્યું પેલું હિન્દુમંદિર. પેલી ગંગાદાસની દુકાન છે. સહેજ થોભો, ગંગાદાસને મળી લઉં."

"ના, સાહેબ, તે અત્રે નથી. તે અમારે ત્યાં આપની રાહ જુએ છે."

"ગંગાદાસ તમારે ઘરે! ચાલો, ચાલો, તેને જોઇને મને અત્યંત આનંદ થશે."

"પેલાં મારાં બા આવે! દુર્ગાંભાઈ પાછળ આવે!"

"ચાલો, સરદાર, તમારો ડબો ઉઘાડો. કેમ બેન મરિયમ, કેમ છે? મડમસાહેબે તમને સલામ કહેવડાવી છે, અને આશા રાખે છે કે તમને સારૂં હશે. આવો, મારા નાના માણુસ (દુર્ગાં), કંઈ નવો ડગલો ચઢાવેલો છે! સરદાર તારે વાસ્તે કંઈ લાવ્યો છે! બોલો—શું છે? જલેબી!"

"ઓ સાહેબ, તમે બાળકો પર બહુ હેત રાખો છો. પ્રેમ અને દુર્ગાં હમેશાં તમારી માયાની વાતો કરે છે. તેઓ કહે છે કે, પરમેશ્વર સાહેબ જેવા હશે. તેઓ તમને બહુ ચાહે છે."

"અને મને પણ તેઓ બહુ ગમે છે, હું કદી તેમને ભુલી શકું નહિ. ચતુરમસીહની તબીયત કેમ છે?"

"હા, ઇશ્વરની કૃપા અમારા પર અપાર છે. ગુરૂ ગંગાદાસ મારા પતિની સાથે છે અને આપને મળવાને ઉત્કંઠિત છે. મારા ધણી આપને મળવાને આવે છે! ગંગાદાસ માંહે પડશાળમાં ઉભા છે."

"સલામ, ચતુરમસીહ, તમને જોઇને હું બહુ ખુશી થયો છું, નિર્મળ આકાશ સમાન તમારૂં મ્હો આનંદી છે."

"કેમ નહિ, સાહેબ? જ્યારે મારા પિતાસમાન પાદરી સાહેબ રવિની માફક મારા પર પ્રકાશે છે ત્યારે કેવી રીતે અંધકારનું વાદળું મારા મ્હોં ઉપર રહી શકે?"

"ઓ! તમારો સાહેબ નહિ પણ ન્યાયીપણાનો સૂર્ય તમને પ્રકાશિત કરે છે. કેમ, પાળક ઇશ્વરપ્રસાદ સારીપેઠે છે, અને ગામમાં આપણા ખ્રીસ્તી ભાઇઓ ખુશીમાં છેને?"

"હા, સાહેબ, ઇશ્વરની દયાથી કોઇ પણ પ્રકારની માંદગીએ અમારા કોઈ પર હુમલો કર્યો નથી. જૈસુખરાયની બહુ આશા નથી—છેલ્લી ઘડી ચાલે છે. તેહસીલદારના મકાનમાં તેની પથારી પાસે પાળક ઇશ્વરપ્રસાદ બેઠેલા છે. પાળક સાહેબે આપને સલામ કહેવડાવી છે, અને અત્રે આવવાની તેઓ આશા રાખે છે."

"જૈસુખરાયને માટે હું દલગીર છું. બહુ ભલા માણસ. આશા હતી કે તે ખ્રીસ્તનો અંગીકાર કરશે. કેમ, ગંગાદાસ અહિં આવેલા છે?"

"હા, સાહેબ; તે જળસંસ્કાર પામવાને તૈયાર છે. આપને સલામ કરવાને તે તત્પર છે. મારી ગરીબ ઝુંપડીમાં પધારીને શોભા આપશો......ગંગાદાસભાઈ, સાહેબ આવ્યા છે."

---

"સલામ, ગંગાદાસભાઈ."

"આપને ઘણા ઘણા નમસ્કાર, સાહેબ. આપનાં દર્શન થયાથી જાણે ભગવાન મળ્યા!"

"આવો, ગંગાદાસ, મારી પાસે બેસીને તમારી ખબરઅંતર કહો. મેં સાંભળ્યું કે તમે પ્રભુ ઈસુને શરણે ગયા છો, ખરી વાત?"

"હા, સાહેબ, ખરી વાત. તોફાની સરિતામાં કંગાલ નાવસમ મારો આત્મા હતો. ગઇ રાત્રીએ હું પથારીમાં હતો ત્યારે જાણે એક મધૂર વાણી મને એમ કહેતી મારા સાંભળવામાં આવી કે, બ્હીશ નહિ, ગંગાદાસ, મેં તને ખંડી લીધો છે. આજે આખો દિવસ જાણે મંદ મંદ વ્હેતી સરિતાની માફક આનંદ મારા શાંતિપદ પામેલા આત્માને તરતો રાખે છે."

"પ્રભુના નામને ધન્ય હો! મારી પ્રાર્થના ફળીભુત થઇ છે, ગંગાદાસ. ચાલો, પ્રેમબાઈ, મડમસાહેબે તમને જે ગીત શિખવ્યું છે તે ગાઈ સંભળાવો—તમે આજે મને ગાઈ સંભળાવ્યું હતું કેની? પહેલો શ્લોક ગાઓ, જોઇએ."

"મારાથી નહિ ગવાય, સાહેબ."

"ઓ! એમાં કાંઇ ગભરાવાનું નથી. પ્રભુ ઇસુ તમને મદદ કરશે. આવો, અહિં મારી પાસે ઉભાં રહો, હું તમારો હાથ ઝાલીશ. ચલાવો હવે."

(પ્રેમ ફરી ગાય છે.)

"હેતે હૈયું સોંપું મારૂં,
આવો નાથ બિરાજો ઉર;
અડચણકારક ખેદજનક સૌ,
એવું મેલું કરજો દૂર."

"ઠીક, પ્રેમ, તમારો સ્વર બહુ મીઠો છે. હવે ટેક ગાઈ સંભળાવો."

"મનની અંદર કરવા મંદર,
આવો, હે શુદ્ધાત્મા નાથ;
આદર ભાવે ને ઉલ્લાસે,
બહુ સનમાને જોડું હાથ."

"ભાઈ ગંગાદાસ, કેમ, એ ગીતના શબ્દોમાં તમારો અનુભવ દર્શાવેલો છે કે નહિ?"

"સાહેબ, અગ્નિ આગળ મીણ પીગળી જાય છે તેમ આ ગીત મારા હૃદય ઉપર અસર કરે છે. મારા હૃદયની ભાવના શી શી છે તે આ બાળા કેવી રીતે કલ્પી શકે?"

"ના, રે, ગંગાદાસભાઈ, એ છોડી તમારૂં મન સમજતી નથી. માત્ર પ્રભુનો આત્મા તેના મુખદ્વારા તમને સંદેશો જણાવે છે. એ ખ્રીસ્તી ગીત છે અને ખ્રીસ્તી હૃદય જે ઈશ્વરમાં તલ્લીન છે તેનો અનુભવ જણાવે છે. આગળ ચલાવો, પ્રેમ."

"જો હૈયું પાષાણુતણું તો,
નમ્ર કરીને કરજો વાસ;
અંધારાથી હોય ભરેલું,
તો દેજો સ્વર્ગી પ્રકાશ.

ત્રાતાનાં વચનો સંભારી,
માગું તેને નામે આજ;
મુજ અંતર આત્મામાં નિશદીન,
રહેજો સુખમય તારૂં રાજ."

"સાહેબ, એ ગીતથી મારૂં મન ભાંગી જાય છે. અગાઉ કદી મને લાગતું નહોતું કે ઈશ્વર ખરેખર જીવતો દેવ છે, જીવવંત વ્યક્તિ છે. વળી તે મારા હૃદયમાં જે સર્વ ભુંડાઈ છે તે જાણે છે, એમ છતાં તે મારા પર પૂરો પ્રેમાળ છે!"

"હા, ગંગાદાસભાઈ, તે તમને ચાહે છે."

"સાહેબ, ચોમાસામાં મારી દુકાને તમે જે વાત કરી તે સર્વ હિન્દુ લોકોને સમજાવો તો બહુ સારૂં."

"'તમારા હાથમાં શું છે?' એ પ્રશ્ન મેં તમને પુછ્યો તે વખતની વાત?"

"હા, એજ. તે દિવસ સુધી મારી કલ્પનામાંએ નહોતું કે ઈશ્વર જીવસંપન્ન અને સત્ય દેવ છે. બ્રહ્માણ્ડનો છાયારૂપ આત્મા જેને અમારા પંડિતો બ્રહ્મ કહે છે તેનો હું વિચાર હમેશ નિર્ગુણ તરીકે કરતો હતો. બ્રહ્મ તે ઝાડમાં, પાનમાં, આભમાં, ગાયબળદમાં અને માણસોમાં પણ વસે છે, પણ મારાં સમજણમાંએ ખ્યાલ નહોતો કે એક એવો ઈશ્વર છે કે જેનું જ્ઞાન હું પામી શકું અને જેનો પ્રેમ મારૂં અંતર પારખી શકે. બ્રહ્મ નિર્ગુણ છાંયડો છે; ઇશ્વર એકલો સત્ય છે."

"મારા પ્રશ્નથી તમને કેવી રીતે મદદ મળી?"

"સાહેબ, તમે મને સ્પષ્ટ સમજાવ્યું હતું કે મિલ્કત એ શબ્દમાં હમેશ કોઇ વ્યક્તિ સમાએલી છે. વળી અનાજ કે ઢોર કે પૈસા કોઇ માણસની માલીકીમાં સદા રહેવાનાં નથી. માણસ મરણ પામે છે, ત્યારે તેની માલીકીમાં શું રહેવાનું?"

"ઠીક, ગંગાદાસ, તેનો શો ઉત્તર તમને મળ્યો?"

"મને એ જણાયું કે સઘળાં માણસો પોતપોતાનું સંભાળી રાખે છે. બળદ તે તેનાં બાળક હોય તેમ ખેડૂત તેમના પર લક્ષ રાખે છે. જાણે હરહમેશ તેની પાસે રહેવાની હોય તેમ સોની તેની વિંટીઓ, જણસોની બહુ સંભાળ રાખે છે. હા, ભિખારીઓ પણ તેમને મળેલા પૈસા બહુ સંભાળથી તેમના ચિંથરેહાલ લુગડાં સાથે બાંધી મુકે છે—જાણે તેની રકમ ધનપાળશા જેટલી હોય નહિ!"

"બરાબર, ગંગાદાસ."

"વળી મને આપના બીજા પ્રશ્નો પણ યાદ આવ્યા કે અનંત બ્રહ્મ શું વ્યક્તિ છે? શું તે સમજી શકે છે? અને એ પ્રશ્નોથી મારા ઉરમાં સંકલ્પવિકલ્પ થવા લાગ્યા. એક દિવસ પાળક ઇશ્વરપ્રસાદ મારી દુકાને આવ્યા અને ખ્રીસ્તી શાસ્ત્ર-

માંથી એક વાક્ય જણાવ્યું તે એ હતું કે. "બળદ પોતાના માલિકને ઓળખે છે ને ગધેડો પોતાના ધણીની ગભાણ જાણે છે,...પણ મારા લોક વિચાર કરતા નથી."

"હા, ગંગાદાસ, તે યશાયાહ ભવિષ્યવાદીના પુસ્તકના પહેલા અધ્યાય ને ત્રીજી કલમમાં લખેલું છે."

"તમારી મહેરબાની, સાહેબ, હું તે યાદ રાખીશ. તે વખતે પાળક સાહેબ તો તરત જતા રહ્યા, પણ મેં તે વાક્ય યાદ રાખ્યું છે. જાણે તે વાક્ય અગ્નિના અક્ષરમાં મારી દુકાનની ચારે દિવાલો પર લખેલું હોય એવું મને લાગે છે—

'બળદ ઓળખે છે,
ગધેડો જાણે છે.
ગંગાદાસ જાણતો કે ઓળખતો નથી.'

જ્યારે હું ઘરાકોને ઘઉં તોળી આપતો હોઉં. ત્યારે દરેક શેર જાણે સોનાનો ઢગલો હોયની અને એમ બોલતું હોયની કે, આનો કોણ ધણી છે? આનો કોણ ધણી છે?"

"ઇશ્વરનો આત્મા તમને શિખવતો હતો, ગંગાદાસ."

"એવી મારી ખાતરી છે, સાહેબ. દર રાત્રે મને સ્વપ્નામાં ભયંકર, ઉંડો ખાડો દેખાતો. તેમાંથી જાણે કે કાળું વાદળું બહાર નીકળતું, ને એ બ્રહ્મ હતું એમ હું ધારતો. તે મને દાબીને અને ગુંગળાવીને જીવ રૂંધાવતું, પછી હું બૂમ પાડી ઉઠતો, અને એ કાળું વાદળું અલોપ થતું, અને એક મનોહર પુરૂષ દશ્યમાન થઇને મારી બીક નષ્ટ કરી નાખતો."

"દેવની સ્તુતિ થાઓ!"

"સાહેબ, તમે બધા હિન્દુ લોકને જણાવો કે ઇશ્વર તે સત્ય દેવ છે, વળી તે આપણું ભલું કરવાને આપણી પાસે છે. તે પ્રેમાળ પરમેશ્વર છે અને દયાથી ભરેલો છે."

"ભાઈ, તમારે પોતે એ વાત કહેવી જોઇએ. તમારી કહેલી વાત હું છપાવીશ, અને તે હજારોને દિલાસારૂપ થશે."

"પાળક ઇશ્વરપ્રસાદ મને કહેતા હતા કે, સર્વશક્તિમાન અને કૃપાળુ પરમેશ્વરની ભક્તિ કેવી રીતે કરવી તે પવિત્ર શાસ્ત્રમાં દર્શાવેલું છે."

"હા, ગંગાદાસ, પ્રભુનું વચન આપણા પગોને સારૂ દીવારૂપ છે, અને આપણા માર્ગને સારૂ પ્રકાશરૂપ છે. આત્માથી તથા સત્યતાથી પ્રભુનું ભજન કેવી રીતે કરવું તે તે શિખવે છે."

"સાહેબ, મને બરોબર સમજાવો. ચોમાસામાં આપ સાહેબ મારી દુકાને આવ્યા હતા ત્યારે આપે મને કહ્યું હતું કે, ઈશ્વિર સર્વનો ધણી તથા માલીક છે એવું સ્વીકારવું એ ભક્તિનું પ્રથમ કાર્ય છે. હવે એનો શો ખુલાસો છે તે આપ જણાવો. ઇશ્વર પર હું મારા પૂરા હૃદયથી પ્રીતિ કરૂં છું અને તેની ભક્તિ કરવાની મારી અભિલાષા છે."

"ભાઈ ગંગાદાસ, પ્રભુની ખરી ભક્તિ તે આત્માથીજ ને આત્મામાંજ થાય છે. એમાં બે અગત્યની વાત સમાએલી છે, અર્થાત્ પોતાના હૃદયને ઈશ્વિર પ્રત્યે ઉંચે ચઢાવવું અને પોતાની મરજીને ઈશ્વિરને આધીન કરવી. જાણે કે ઇશ્વર આગળ બન્ને હાથ પસારવા જેવું એ છે. કેમ, સમજણ પડે છે?"

"હા, સાહેબ, મને સમજણ પડે છે. હમણાં મારૂં અંતર પ્રીતિ અને કૃતજ્ઞતાથી ઉભરાય છે. શું એ પ્રભુ પ્રત્યે ખરો ભક્તિભાવ છે કે નહિ?"

"હા, એમજ છે. જેમ હિન્દુ લોકો નદી કિનારે જઇને નમસ્કાર કરે છે, સ્નાન કરે છે, ને મંદિરમાં દેવદર્શન કરે છે તે રીતથી ખ્રીસ્તી લોકોની ભક્તિ કરવાની રીત તદન જૂદી છે. વળી મુસલમાનો જે અમુક ઠરાવેલે વખતે નિમાજ પઢે છે તેથી પણ જૂદી છે. આપણી ભજનસેવાની પદ્ધતિમાં કોઈ બહારની ક્રિયાઓ ફરમાવેલી નથી. એ તો હૃદયની અને મનની છે. એ તો આત્મિક છે. એ સારૂ ખ્રીસ્તી માણસે

દરરોજ અને પળેપળ તેની જીંદગી પર્યંત પ્રભુની ભક્તિમાં તલ્લિન રહેવું જોઈએ."

"પણ સાહેબ, આપણો બધો વખત ઈશ્વરભક્તિમાં કેમ ગાળી શકાય?! કેમ, આપણે કંઈ કામ કરવું નહિ, ખાવું નહિ કે ફરવું હરવું નહિ?"

"ગંગાદાસ, તમે બધો વખત અને અહોનિશ પ્રભુ પર પ્રેમ રાખી શકતા નથી? પછી તમે કામમાં હો કે ખાતા હો કે હાલતા ચાલતા હો તો શું તમે તેની પવિત્ર ઇચ્છા પ્રમાણે વર્તી શકતા નથી?"

"હવે મને સમજણ પડે છે, સાહેબ. અહીં હું તમારી સાથે વાત કરૂં છું ત્યારે પણ પ્રભુની સેવા કરૂં છું, કેમકે હું તેને ચાહું છું અને તેની ઇચ્છાનુસાર વર્તવા ચાહું છું."

"ખરેખર, ભાઇ. આપણે સાથે બેસીને દેવની વાત કરીએ છીએ તેમાં આપણે દેવનું ભજન કરીએ છીએ, કેમકે આપણે તેના પર તેમજ એકમેક પર પ્રીતિ રાખીએ છીએ."

"પણ સાહેબ, આ ગામના ખ્રીસ્તી લોક અઠવાડિયાના પહેલા દિવસે ભેગા મળે છે. ચતુરમસીહના ઘરમાં ભેગા મળતાં હું તેમને હમેશ જોઉં છું તથા તેઓ ઈશ્વરસ્તુતિનાં ગીત ગાય છે તે હું સાંભળું છું."

"બરાબર, ભાઈ, આત્મિક સંગતને અર્થે તથા પ્રભુના પવિત્ર શાસ્ત્રમાંથી બોધ પામવાને ખ્રીસ્તીઓ ભેગાં મળે છે. દર રવિવારે એકઠા મળીને એક બે કલાક ઇશ્વરભક્તિમાં ગાળ્યાથી આપણને આખું અઠવાડિયું સેવા કરવાને સુગમ પડે છે. તમે ભડીયારાને રોટલી તૈયાર કરતાં જોયો છે કે નહિ?"

"હા, સાહેબ, અનેક વેળા; પુરણમલની દુકાને."

"કઢાઇમાં રોટલા ચઢીને ખાવા લાયક થાય છે તેનું શું કારણ?"

"પુરણમલ તેમાં ખમીર ભેળે છે તેથી."

"શું તેમાં પુષ્કળ ખમીર નાખે છે?"

"ના, ના, સાહેબ, અધોળ જેટલું નહિ, એટલામાં તો ૨૦ કરતાં વધારે રોટલા થાય."

"બરાબર, ભાઈ. અઠવાડિયાના પ્રથમ દિવસે ખ્રીસ્તીઓ ઈશ્વરની ભક્તિ કરે છે તે ખમીર સમાન છે. તેથી બાકીના દિવસોમાં તેની અસર સારી રહે છે અને બધા દિવસો આનંદ અને ધૈર્યતાથી પસાર થાય છે, અને પ્રેમનાં કાર્યોથી શોભે છે. એ સારૂ રવિવારને દિવસે પ્રભુની જે ભક્તિ થાય છે તે પૂર્ણ અને શુદ્ધ અને સુશોભિત થવી જોઇએ."

"એટલે, સાહેબ?"

"એટલે ભજનસેવામાં ઈશ્વર પ્રત્યે પેલી બે અગત્યની વાત હોવી જોઇએ—હ્રદયને ઉંચે ચઢાવવું અને પોતાની ઇચ્છાને ઈશ્વરેચ્છાને આધીન કરવી."

"એ કેમ થઇ શકે? કૃપા કરીને મને શિખવો, કેમકે પ્રભુની ભક્તિ હું આત્માથી તથા સત્યતાથી કરવા ચાહું છું."

"એ વાતનો ખુલાસો તમને આપવાથી મને ઘણો આનંદ થાય છે. વળી આજ ચતુરમસીહના ઘરમાં આ બાબતની ચરચા કરીએ છીએ, એ ઠીક વાત છે, કેમકે ઈશ્વરનું ભજન કેવી રીતે કરવું તે બધા ખ્રીસ્તીઓને જાણવું અગત્યનું છે. પ્રેમનું ગીત તમારા હ્રદયને શ્રેયદાયક નિવડ્યું કે નહિ?"

"હા, સાહેબ. એ સાંભળીને મારા હ્રદયમાં ઘણો આનંદ થયો હતો."

"હા, ગંગાદાસ, સાબ્બાથ દિને ખ્રીસ્તીઓ ભેગા મળીને ઈશ્વરસ્તુતિ કરે કે ઘુંટણ ટેકીને ઈશ્વરની પ્રાર્થના કરે કે પ્રભુનાં પવિત્ર શાસ્ત્રની વાત સાંભળે તો એવોજ અનુભવ તેમને થાય છે; અને જેમ ખમીર લોટમાં પ્રસરીને બધાને ખમીરવાળો કરે છે તેમ પ્રભુની સ્તુતિનાં ગીતો આપણાં હ્રદયમાં પ્રસરી જાય છે,

અને પ્રભુનું વચન આપણને બળ તથા હિમ્મત પમાડવા આખા અઠવાડીઆ લગી ટકી રહે છે."

"મને હવે બરોબર સમજણ પડે છે, અને પ્રભુસેવામાં ખ્રીસ્તીઓ સાથે ભાગ લેવાને હું અભિલાષા રાખું છું. ફરી તેઓ ભેગા મળે ત્યારે તેમની સંગતમાં હું હાજર થાઉં?"

"જરૂર; પ્રભુ તમને આશિષ દે અને તેના મુખનો પ્રકાશ તમને પમાડે. પણ યાદ રાખો, ભાઇ, મેં તમને ખ્રીસ્તી સેવા વિષે જે વાત અત્યારે કહી તે પૂર્ણ નથી. તેની સાથે બીજી વાત ઉમેરવાની છે. હૃદયને ઉંચે ચઢાવવું એ અગત્યનું છે, પણ આપણી ઇચ્છાને પ્રભુની ઇચ્છાનુસાર કરવી એ પણ એટલીજ અગત્યની વાત છે. પ્રભુ આગળ બન્ને હાથો પ્રસારીએ નહિ ત્યાં સુધી પૂર્ણ સેવા કહેવાય નહિ."

"મને બધું કહો, સાહેબ; પ્રભુની સેવા સંપૂર્ણ રીતે કરવી તે મને શિખવો કે જેથી હું પૂરા હૃદયથી તેનું ભજન કરૂં."

"ગંગાદાસ, તમારૂં શરીર કેમ પુષ્ટ રહે છે?"

"યોગ્ય ખોરાક ખાધાથી; બીજું શું, સાહેબ?"

"હા, ભાઇ, અને તમે કેવી રીતે આખો દિવસ ગાળો છો?"

"હું અનાજનો વેપાર કરૂં છું, તેમાં મારો વખત જાય છે."

"તમને તેમાં નફો થાય છે?"

"ખચિત, નહિ તો ધંધો હું શા માટે કરૂં? જો નફો ન હોય તો હું ખેડુતો પાસેથી શી રીતે અનાજ વેચાતું લઉં? ને જો તેઓ પાસેથી ન લઉં તો મારા કોઠાર શી રીતે ભરેલા હોઇ શકે? વળી નફા વિના હું મારા કુટુંબનો નિર્વાહ પણ કરી શકું નહિ."

"ત્યારે ગંગાદાસ, તમારી નજરમાં તમારો ધંધો બહુ અગત્યની વાત છે?"

"હા, સાહેબ."

"પણ કેમ?"

"કેમકે, સાહેબ, મારે મારૂં પોષણ કરવું જોઈએ, મારા કુટુંબનો નિર્વાહ કરવો જોઈએ, સરકારને કર આપવો જોઈએ, ધર્માદામાં પૈસા આપવા ને નિર્ધનને આશ્રો આપવો જોઈએ. એ ઉપરાંત મંદવાડ કે દુઃખ આવી પડે તેને સારૂ મારે કંઇ બચાવી રાખવું જોઈએ. પૈડા વગર ગાડું નહિ ચાલે તેમજ ધંધા વિષે જાણવું. તેના વિના જીંદગીનો ભારે બોજ હું કેવી રીતે ઉપાડી શકું?"

"ત્યારે, ગંગાદાસ, તમારા ઘઉંનું વેચાણ નહિ થાય તો તમને બહુ પંચાત પડે."

"હા, સાહેબ. મારી બધી ગોઠવણો ઉંધી થાય અને મારા કુટુંબને માટે મારે બીજી ગોઠવણ કરવી પડે, ત્યારે તો મારા સર્વ વિચારમાં, ને મારા આખા જીવનમાં બદલાણ થઇ જાય."

"પણ, ભાઇ, તમારી વખારમાં પડેલા થોડાક ઘઉંથી તમારા સર્વ વિચાર ઉપર આવી ભારે અસર થાય?"

"કેમ નહિ, સાહેબ? જો નાળિયેરં ફોડીએ, તો તેમાંનું પાણી નીકળી નહિ જાય?"

"તમારી વાત બરાબર છે, ભાઈ. આ જગતમાં આપણી જીંદગી દૈહિક વસ્તુ સાથે જોડાએલી છે; જેમકે, ઘઉં, ચોખા, તેલ, કપડાં, જોડાં, ઘર, ખેતર,—ટુંકામાં, પૈસો એજ ઐહિક જીવનની મુખ્ય વાત સમજવી; પછી હોય માણસ ધનવાન કે દરિદ્રી, ખેડુત કે સોની, વેપારી કે મજુર. આથી સિદ્ધ થાય છે કે જેમ ઘોડાને લગામ વડે ડાબે કે જમણે ફેરવીએ તેમ જો કોઈ મારા પૈસાને કે માલ મિલકતને છેડે તો તે મારા જીવતરને છેડે છે એમ કહેવાય."

"હા, સાહેબ, એ તો જ્ઞાનની વાત છે."

"હવે, ભાઇ, તમારા જીવન પર કોની સત્તા ચાલે છે? કોણ ફળવાન ઋતુ મોકલે છે? કોણ આબાદી આપે છે, ને આપણું સુખ કે દુઃખ કોના હાથમાં છે? જીવનનો દાતા કોણ છે? મરણ પર કોનો અધિકાર ચાલે છે?"

"મને સમજણ પડે છે, સાહેબ. કર્મનો નિર્દય ને અનિવાર નિયમ મારા પર સત્તા ચલાવે છે એવું હું પહેલાં ધારતો હતો. પણ હવે મને સત્ય જ્ઞાન મળ્યું છે. સર્વનો ધણી તથા સર્વ પર અધિકાર ચલાવનાર તે સર્વજ્ઞ તથા પરમકૃપાળુ પરમેશ્વર છે, ને તે મારો આકાશવાસી બાપ છે. તેના નામને ગૌરવ થાઓ!"

"હા, ભાઇ, આપણા પ્રભુના હાથમાં સર્વ અધિકાર તથા સત્તા છે. તેનું નામ સર્વ નામો કરતાં મોટું તથા બુલંદ છે. એ સારૂ દરેક ખરો ખ્રીસ્તી તેની પોતાની ઇચ્છાનું દમન કરીને પોતાના આકાશમાંના બાપની ઇચ્છાને આધીન થાય છે. વળી પ્રાર્થનામાં તે માગે છે કે, "તારી ઇચ્છા પૂરી થાઓ."

"સાહેબજી, હું પણ એજ યાચના કરીશ કે, "હે પિતા, તારી ઇચ્છા પુરી થાઓ."

"આમેન! એવી પ્રાર્થના કરવી એજ ખરી ભક્તિ છે. હવે હું તમને એક પ્રશ્ન પુછીશ."

"બોલો, સાહેબ."

"જો દેવળમાં રવિવારને દિવસે સ્તુતિનાં ગીતો ગાવાથી, પ્રાર્થનાઓ કરવાથી અને બોધવચનો સાંભળવાથી ખ્રીસ્તી માણસને આખા અઠવાડિયા સુધી પોતાનું હૃદય ઈશ્વરની તરફ ઉંચે રાખવામાં ઉત્તેજન મળે, તો તે દહાડે ભજનસેવાના કયા બીજા કાર્યથી તે પોતાની ઇચ્છાનું દમન કરીને ઈશ્વરને પોતાનો રાજા અને ધણી માનીને તેને બુલંદ ગણી શકે?"

"કહો, સાહેબ. હું જાણતો નથી."

"આપણે હમણાં શી વાત કરતા હતા? આપણી ઐહિક જીંદગી પર દરરોજ અસર કરતી વસ્તુ કઇ છે?"

"પૈસા અને માલમિલ્કત."

"હા, હવે એ વસ્તુઓ પર ખરો અધિકાર કોનો છે?"

"હવે હું ઉત્તર વાળી શકું છું—ઇશ્વર એકલો."

"હા, પણ શું સહુ લોક તે સમજે છે?"

"ના, હિંદુઓ તો બિલકુલ સમજતા નથી. તેઓ સમજે છે કે બ્રહ્મ જોનાર જાણનાર વ્યક્તિ નથી, એટલે એનો જાતીય અધિકાર તે વસ્તુ પર નથી. આ દુનિયામાં જે કંઇ પોતાનું તે પોતાનુંજ છે, બીજા કોઈનું નહિ, એમ તેઓ માને છે."

"અફસોસની વાત છે, ભાઈ, કે ઘણા ખ્રીસ્તીઓ પણ એવુંજ માને છે. પોતાની વસ્તુ પર કોઇની સત્તા નથી એવો તેમનો મત છે."

"એ કેમ હોઈ શકે? શું તેઓ માનતા નથી કે દેવ તે બ્રહ્મના જેવો નથી, પણ ખરો તથા જીવતો છે?"

"કેટલાકને યોગ્ય શિક્ષણ મળેલું નથી; ઘણા શિક્ષણ પામીને ભૂલી જાય છે; ને ઘણા લોભી હોય છે. પવિત્ર શાસ્ત્ર આપણને શિખવે છે કે ધનનો લોભ તે સર્વ ભુંડાઇનું મૂળ છે."

"એમ શા માટે હોવું જોઇએ? શું પૈસા અગત્યની વાત નથી?"

"હા, ભાઈ ગંગાદાસ, પૈસા અને માલમિલકત બહુ જરૂરનાં છે; પણ જ્યારે કોઇ માણસને કંઈ માલ મળે છે—જેમકે ઘેટાં, બકરાં, અનાજ, ઈત્યાદિ, અથવા જ્યારે તેને પગાર મળે છે ત્યારેજ તે માલનો ધણી પ્રભુ છે એવું તેણે કબુલ કરવું જોઇએ. જો એમ નહિ કરે તો તે લોભમાં પડશે; અને લોભ એક જાતની મૂર્તિપૂજા છે."

"લોભ તે મૂર્તિપૂજા, સાહેબ?"

"હા, એમ શાસ્ત્ર કહે છે."

"પણ એમ કેમ બને? ખ્રીસ્તીઓ મૂર્તિપૂજા નથી કરતા; મુસલમાનો પણ નથી કરતા; એ પાપ તો હિંદુઓનું તથા જંગલી લોકોનું છે!"

"ખરી વાત, ભાઈ, પણ હિંદુ પંડિતો એવું શિખવે છે કે બ્રહ્મ નિર્ગુણ છે, સગુણ નથી, ને જેઓ એવું માને છે તેઓ એ

પાપમાં પડ્યા વગર રહેતા નથી. ઘણાખરા માણસો પૂજવા માટે કંઈ પણ વસ્તુ શોધે છે, પછી તે વસ્તુ ગમે તેવી કદરૂપી તથા કંટાળો ઉપજાવે એવી હોય તોપણ તેની ભક્તિ કરે છે. ગામડિયા અજ્ઞાન લોક નિર્ગુણ બ્રહ્મને કદી સમજી શકતા નથી."

"પણ લોભ એ મૂર્તિપૂજા છે એમ બૈબલ કેવી રીતે કહી શકે ?"

"તેનું કારણ આ છે, કે કોઈ માણસની પાસે જે ધન કે મિલ્કત હોય છે તે વિષે તે એવો વિચાર કરે કે આનો ધણી ઈશ્વર નથી, પણ હું પોતે છું, ત્યારે તે લોભ કરે છે કે નહિ ? ને આવો વિચાર કર્યાથી તે ઈશ્વરના ધણીપણાનો નકાર કરે છે, અને એવી રીતે તે જીવનનો ઝરો જે એકલો ઈશ્વર છે તેથી વિમુખ થાય છે. કહેવત પ્રમાણે 'પૈસો તેનો પરમેશ્વર' થાય છે અને જેમ હિંદુઓ રામ કે કૃષ્ણની મૂર્તિને પગે લાગે છે તેમ તેના હૃદયમાં તે પૈસાને માને છે. કેમ, ગંગાદાસ, હવે સમજણ પડે છે ?"

"સત્ય છે, સાહેબ. તમારી વાતથી મારા પેટમાં ફાળ પડે છે. મારી પાસે પણ માલમિલ્કત છે, હું દરરોજ અનાજ જોખું છું અને પૈસા ગણું છું. હનુમાન કે કૃષ્ણની પૂજા હવે હું નથી કરતો, તોપણ તમારી વાત પરથી મને ધાસ્તી લાગે છે કે કદાચને હું ફરીથી મૂર્તિપૂજાના પાપમાં પડી જાઉં. ઓ સાહેબ, તમે મારા દોસ્ત છો, આ જોખમથી મારો બચાવ થાય એવો માર્ગ મને બતાવો."

"બી મા, ગંગાદાસ. ઇશ્વર આપણું જોખમ જાણે છે; જે સંજોગોમાં આપણે રહીએ છીએ તે તે સમજે છે, ને આપણી નબળાઇ પણ તે જાણે છે. તેને ખબર છે કે જગતમાં માલમિલ્કત તેનાં છોકરાંને નડતરરૂપ થશે, અને લોભરૂપી મૂર્તિપૂજામાં તેઓને પડી જવાનો સંભવ છે. એ સારૂ તેણે આપણને સ્પષ્ટ અને સરળ હુકમ આપ્યો છે કે જે આપણે હમેશાં લક્ષમાં રાખી શકીએ, અને એ નિયમ દશાંશ સંબંધી છે."

"મને એ જણાવો. ખ્રીસ્તી થઈને હું મારી બધી ફરજો સમજવા ચાહું છું."

"ત્યારે સાંભળો. તમારી તમામ પુંજી, તમારૂં ઘર, તમારાં ઢોરઢાંક, ધન, સર્વ માલનો આંકડો કાઢો."

"વારૂ, સાહેબ."

"હવે યાદ રાખો કે એ બધું તમારૂં નથી, ઇશ્વરનું છે. સોનું, રૂપું, અનાજ, ઘર, ઢોરઢાંક ઇત્યાદિ સર્વ તેનાં છે, ને બધું તેને આપવું જોઇએ. પોતાને સારૂ તેમાંની એક પાઇ પણ પાછી રાખશો નહિ."

"શું, બધું? ત્યારે કેવી રીતે રહેવું?"

"ગભરાશો નહિ, મારા ભાઈ. શું આપણા સ્વર્ગીય પિતાને તેનાં બાળકોની ચિન્તા નથી? હું તે વાત બરોબર સ્પષ્ટ રીતે કહીશ. તમારા ધંધારોજગાર વિષે બે ત્રણ સવાલો પુછવાની રજા છે?"

"પુછો, સાહેબ. તમે મારાં માબાપ જેવા છો. તમારી મરજીમાં આવે તે પુછો."

"બહુ સારૂં. તમે અત્રે મારી સાથે વાતચિત કરો છો ત્યારે તમારી દુકાનની કોણ સંભાળ કરે છે?"

"તુળસીરામ."

"એ કોણ છે?"

"એ મારો વાણોતર છે, સાહેબ."

"પણ એના પર ભરોસો મુકતાં તમને કાંઈ સંદેહ આવતો નથી?"

"નાજી, તુળસીરામ મારા પિતાના વખતનો છે. તે મને પુત્ર જેવો ગણે છે. મારે વર્ષ સુધી બહારગામ જવું પડે, તો પણ તુળસીરામ મારી દુકાનને પોતાનીજ ગણીને સંભાળ રાખશે. મેં તેના હાથમાં બધો કારભાર સોંપ્યો છે."

"શું તે હિસાબ રાખે છે, અને પૈસાની લેવડદેવડ કરે છે?"

"હાજી. મારા હુકમ પ્રમાણે ઘરખાનગી ખર્ચને સારૂ મારે તેની પાસેથી પૈસા લેવા પડે છે. તેના પૂર્ણ હવાલામાં દુકાન છે. હું હાજર હોઉં તોપણ તે દુકાનનું સર્વ કામ ચલાવે છે. અલબત, ધંધાને લગતી દરેક બાબતમાં તે પ્રથમ મારી સલાહ લે છે. તે બધી વાતે પ્રમાણિક ને વિશ્વાસુ છે."

"તમારી વાત ડહાપણથી ભરેલી છે; તમારી વાત ઉપરથી હું તમને શિખવીશ. તમે જે ઘડીથી ઈશ્વરનું ધણીપણું કબુલ કરીને તેને તમારી તમામ મિલ્કત સોંપી દો, તેજ ઘડીથી તમે તેના વાણોતર કે કારભારી થયા છો. હવે તે મિલ્કત તે પાછી તમારા હાથમાં સોંપે છે અને તેના નામથી અને તેને વાસ્તે તેનો વહિવટ કરવાને તે તમને ફરમાવે છે. એ સારૂ, દેવના કારભારી તરીકે, તમારે તેની હકુમત અમલમાં લાવવી. તમારે કુટુંબનું પોષણ કરવું, સરકારને કર આપવો, ગરીબોને મદદ આપવી, અને ભવિષ્યને માટે કંઇ બચાવી રાખવું. પણ આ બધું તેની ઈચ્છાનુસાર કરવું. તુળસીરામ તમારી સલાહ લે છે તેમ તમારે દેવની સલાહ લઇને તે પ્રમાણે વર્તવું. એવી રીતે તમે લોભના પાપથી દૂર રહી શકશો; તેમજ મૂર્તિપૂજાના ફાંદાથી પણ બચી જશો."

"સાહેબ, તમારી વાત બહુ દિલાસાદાયક છે. પ્રેમ અને ઉત્સાહવડે મારૂં હૃદય ઉલ્લાસી થયું છે. મારી સઘળી બીક હવે દૂર થઈ છે."

"કેમ, હવે પેલા મારા પ્રશ્નનો ઉત્તર આપશો?"

"કયો પ્રશ્ન, સાહેબ?"

"વારૂ, હું ફરી પુછીશ, કેમકે આ પ્રશ્ન પાયારૂપ છે. જેમ ઘરના પાયા ઉપર ઘર તથા તેમાં જે છે તે સર્વનો આધાર રહે છે, તેમ આ પ્રશ્ન પર ખ્રીસ્તી ધર્મના સઘળા સિદ્ધાંતોનો આધાર રહે છે. પ્રભુને દિવસે ખ્રીસ્તી માણસે ભજનસેવામાં કયું કૃત્ય કરવું જોઇએ કે જેવડે તે કબૂલ કરે છે કે દેવ મારી સમસ્ત પુંજીનો ખરો માલિક છે?"

"તમે પૈસા આપવાની વાત કરો છોને? એક વેળા મેં ખ્રીસ્તી લોકને ચતુરમસીહના ઘરની સામે જે લીંબડાનું ઝાડ છે તેની હેઠળ ભેગા થએલા જોયા હતા. તેઓ પૈસા, પૈ ઉઘરાવતા હતા. કેટલાક ઘઉં પણ આપતા હતા."

"હા, પૈસા ને માલની વાત કરૂં છું."

"એ પૈસા ગરીબને આપવા માટે છે કે નહિ?"

"ના, એ જીવતા તથા પવિત્ર દેવને અર્થે છે."

"પણ માણસના હાથથી પૈસા લેવાની દેવને અગત્ય નથી."

"તુળસીરામની પાસેથી પૈસા સ્વીકારવાની તમને અગત્ય નથી. દુકાન તેની નથી, તમારી છે; તમામ પૈસા, તમામ અનાજ તમારી માલીકીનું છે. તોપણ તુળસીરામ તમારો કારભારી છે, તેથી તમને તેની પાસેથી પૈસા લેવા પડે છે."

"ખરી વાત. એમજ હું કરતો આવ્યો છું, અને મારા પિતાજી પણ એમજ કરતા હતા."

"વારૂ, ભાઈ ગંગાદાસ, જેમ તમે તમારા કારભારી પાસેથી તમારૂં નાણું મેળવો છો તેમ પ્રભુ તેના કારભારીઓ પાસેથી મેળવે છે; કેમકે પ્રભુને તેનું રાજ્ય ચલાવવાને પૈસાનો ખપ છે."

"હવે સમજ્યો, સાહેબ. તમારા શબ્દો જ્ઞાનપ્રકાશથી ભરેલા છે."

"વારૂ, એક બીજો પ્રશ્ન પુછું. તમે કેવી રીતે તુળસીરામ પાસેથી પૈસા મેળવો છો? જાણે તમે ભિક્ષુક હો તેમ તેની પાસે જઇને હાથ લાંબા કરીને માગો છો? થોડા પૈસા મને કૃપા કરીને આપો, એમ કાલાવાલા કરો છો?"

"સાહેબજી, તમે મારી મજાક કરો છો. મારા નોકર પાસે હું શું કરવા ભીખ માગું? હું તો શેઠ છું; દુકાનમાં જે છે તે મારૂંજ છે. હું તુળસીરામને આજ્ઞા આપું છું ને તે મારૂં માને છે."

"ત્યારે તમે તેની પાસેથી એક રૂપિયો માગો કે દશ કે પચાશ કે ગમે તેટલી રકમ માગો તો તે એકદમ તમારા હાથમાં મુકે છે?"

"અલબત, એમ નહિ હોય તો શેઠ કરતાં નોકર મોટો કહેવાય. તુળસીરામ મારી આજ્ઞા ઉથાપે એવો માણસ નથી."

"બહુ સારૂં. તમારા હાથમાં જે રકમ તે મુકે છે, પછી તે નાની કે મોટી રકમ હોય, તેથી તે કબૂલ કરે છે કે દુકાનમાંના બધા પૈસા તમારા છે, અને દુકાન પરની બધી વસ્તુ પર તમારો પૂર્ણ અધિકાર છે એવી કબૂલાત પણ આપે છે કે નહિ?"

"હા, સાહેબ. એમજ."

---

"ગંગાદાસ, ઇશ્વરે તમને બુદ્ધિ અને સમજણ આપી છે. હવે તમને સમજણ પડી હશે કે સાબ્બાથ દિવસે ખ્રીસ્તી લોક થેલીમાં કે થાળીમાં પૈસા કે દાણા મુકે છે તે વડે તેઓ ઇશ્વરનું ભજન કરે છે. આપણે દેવના કારભારી છીએ, અને જેમ તમે તુળસીરામને આજ્ઞા આપો છો કે પૈસાની અમુક રકમ તે તમારા હાથમાં મુકે તેમ આપણને પ્રભુનો હુકમ મળ્યો છે કે, મારા ભંડારમાં તમારી આવકનો અમુક હિસ્સો લાવો."

"કેમ સાહેબ, સર્વ ખ્રીસ્તીઓ દેવના ભંડારમાં અમુક રકમ આણે છે?"

"ભાઈ ગંગાદાસ, મારે શરમ અને દલગીરીથી કબુલ કરવું પડે છે કે ઘણા ખ્રીસ્તીઓ એ વિષે ઇશ્વરની શી આજ્ઞા છે તે પુછતાજ નથી, ને તે સંબંધી વિચાર કરતા નથી: એ સારૂ તેમની મરજીમાં આવે તે રકમ તેઓ દેવળના ઉઘરાણામાં મુકે છે."

"પણ એ વાજબી છે?"

"તમે કહો જોઈએ."

"મને માફ કરશો, સાહેબજી, હું ખ્રીસ્તી ભાઈઓને ચાહું છું, અને તેમની વિરૂદ્ધ કંઈ બોલવા ચહાતો નથી."

"નહિ ભાઇ, બોલો; આપણા ભાઈ ચતુરમસીહ હવે બરાબર સમજે છે, અને તમારા મ્હોંથી એ વાત સાંભળીને

ખોટું નહિ લગાડશે. મરજીમાં આવે તેટલું ઉઘરાણામાં નાખવું એ તેઓ ઠીક કરે છે કે કેમ?"

"હું તો એવી વાતો વિષે હજી બાળક ગણાઉં. મારી અગાઉ ઘણે વરસે થએલા ખ્રીસ્તીઓનો ન્યાય હું કરૂં એ મને શોભતું નથી. પરંતુ હું મારી પોતાની વાત કરવાની રજા લઈશ; મારા નોકર તુળસીરામ પાસેથી આજ્ઞાંકિતપણું ને આધીનતા સ્વીકારીને હું પંડે આખી પૃથ્વીના પ્રભુ તથા ધણી પ્રત્યે આજ્ઞાંકિત તથા આધીન થયા વિના કેમ રહું? મારી મરજીમાં આવે એટલું હું ઉઘરાણામાં નાખી શકતો નથી, પણ ઈશ્વર જેટલું મને ફરમાવે તેટલું નાખીશ."

"બહુ સરસ જવાબ, મારા ભાઈ. ખ્રીસ્તીઓ મધ્યે તમને પ્રભુ અગ્રેસર અને સલાહકાર કરશે. ગામના હિંદુઓ તમને 'ડાહ્યા ગંગાદાસ' કહે છે, પણ ખ્રીસ્તીઓ તમને 'ગુરૂ ગંગાદાસ' કરીને બોલાવશે."

"ઓ સાહેબ, એવું બોલશો નહિ. હું તો બાળક જેવો છું, મારે તો હજી બધું શીખવાનું છે. ખ્રીસ્તીએ પોતાની આવકનો કેટલો ભાગ પ્રભુને અર્પણ કરવો જોઈએ. એ મને કહો."

"તેનો ઉત્તર સહેલો છે. કેમકે પવિત્ર શાસ્ત્ર તે સ્પષ્ટ જણાવે છે. પૃથ્વી પર માણસો ઈશ્વરનું ભજન કરવા લાગ્યા ત્યારથી તે પવિત્ર હિસ્સો કેટલો હોવો જોઈએ તે પ્રભુએ જણાવ્યો હતો. પ્રભુએ પુરાતન કાળમાં ઇસ્રાએલી લોકને આજ્ઞાઓ આપતી વખતે તે ફરીથી ઠરાવ્યો. વળી ઈસુ ખ્રીસ્તે આવીને તારણની વધામણીની ખબર લોકને જણાવી ત્યારે પણ તે નિયમ અમલમાં હતો, અને તેમાં તેણે ફેરફાર કર્યો નહિ, અને આજ દિન પર્યન્ત તેમાં ફેરફાર થયો નથી. તે આપણી આવકનો અથવા મિલકતના વધારાનો દશમો ભાગ છે."

"ફક્ત દશમો ભાગ! આખી સૃષ્ટિના દેવનો અમલ સ્વીકારવા સારૂ આટલો જુજ હિસ્સો આપવાનો!"

"હા, પ્રભુએ ખાસ દશમો ભાગ ઠરાવેલો છે. ખરેખર, તે જુજ ભાગ છે, તોપણ જો એટલા ભાગને વિશ્વાસથી અને વફાદારીથી અર્પણ કરવામાં આવે તો તે ખમીરના અલ્પ ટુકડા સમાન આખા લોંદાને ખમીરવાળો કરી શકે છે. ખ્રીસ્તી માણસની આવકના દશાંશનું અર્પણ કર્યાંથી બાકીની કુલ આવકનું અર્પણ થયું છે."

"પણ, સાહેબ, જો તેથી વધારે હું આપું તો ઇશ્વર રાજી નહિ થાય? તેણે મને ઉંડા અને ત્રાસજનક કળણમાંથી કાઢ્યો છે, તેથી હું તેને યોગ્ય અર્પણ કરીને તેનો આભાર માનવા ચાહું છું. તમે દસમા હિસ્સા કરતાં મોટી રકમ કહેશો એવી આશા હું રાખતો હતો, કેમકે મારી અર્ધી આવક પણ પ્રભુની દયાના પ્રમાણમાં કાંઇજ નથી. શું હું દશમા ભાગ કરતાં અધિક આપી નહિ શકું?"

"ભાઇ, પ્રભુ આગળ તમારૂં મન કોમળ થયું છે. એ સારૂ હું પ્રાર્થના કરૂં છું કે તમારા નવા અનુભવની મધૂરતા તથા તાજગી દરમ્યાન તમે ખ્રીસ્તી કારભારીપણાની પૂર્ણ સત્યતા સંબંધી જ્ઞાન પામો."

"બોલો, સાહેબ, હું શીખવા માગું છું."

"આપણું સર્વસ્વ તે પ્રભુનું છે; અને આપણી આખી મિલ્કતનો વહિવટ તેને માટે આપણે કરવો જોઇએ. એ સારૂ આપણે કુટુંબનો નિર્વાહ કરીએ, અથવા સરકારને કર ભરીએ કે બીજા કોઈ કામમાં પૈસા ખરચીએ, એ આપણી કારભારીપણાની ફરજમાં સમાએલું છે. દેવના રાજ્યમાં રહીને આપણે એ બધી ફરજો બજાવવી જોઇએ. એ ઉપરાંત, અનાથના પોષણને અર્થે દાનધર્મ કરીએ, અથવા માંદા માણસોનો ખર્ચ પૂરો પાડીએ, અથવા જાહેર લાભાર્થે—દાખલા તરીકે કુવાનું ખોદકામ, મુસાફરોને સારૂ ધર્મશાળા,—પૈસા આપીએ, તો એનો પણ આપણા કર્તવ્યમાં સમાવેશ થાય છે. એ તો દેવના રાજ્યને અર્થે ઐચ્છિકાર્પણ છે. દરેક ખ્રીસ્તીએ પોતાના

મનમાં એવાં કાર્યોનો નિર્ણય કરવો જોઇએ. જે વિશેષ અગત્યનું છે તેને માટે પ્રથમ આપવું, ને પ્રભુએ જેવે પરિમાણે તેને આપેલું છે તેવે પરિમાણે તેણે આપવું જોઇએ; ધનવાન વધારે આપે ને ગરીબ થોડું આપે."

"બરોબર, સાહેબ, હું સમજ્યો."

"પણ, ગંગાદાસ, અઠવાડીઆના પ્રથમ દિવસે પવિત્ર દશાંશ ઉઘરાવવા સારૂ દેવળમાં થેલી કે થાળી ફેરવવામાં આવે છે, તે વખતે આપવું તે ઉત્તમ રીતિ છે, કેમકે તે વડે આપણે દેવની આગળ તથા માણસોની આગળ કબુલ કરીએ છીએ કે આપણી પાસે જે છે તે બધું ઈશ્વરનું છે."

"સાહેબ, શું એ નિયમ સર્વને માટે છે—પછી તેની પાસે હોય ઘણું કે હોય થોડું?"

"હા, ગંગાદાસ, દેવ કોઈ પણ માણસનો પક્ષપાત કરતો નથી. સાબ્બાથનું અર્પણ જે ભેટ દાખલ હોય, તો દરેકની મરજીમાં આવે તે આપી જાય. પણ દશાંશ આપવો તે કાંઇ ભેટ સમાન નથી, એ તો કર્તવ્ય છે. ખ્રિસ્તીઓ પોતાની વાસ્તે નિયમો ઘડવા કે બંદોબસ્ત કરવા ભેગા મળે છે ત્યારે જે બળવાન તેણે અબળોના બોજા ઉઠાવવા જોઇએ, અને ધનવાનોએ નિર્ધનોનો તથા નિરાધારોનો વિચાર કરવો જોઇએ. પણ જ્યારે તેઓ અદબભેર ઈશ્વરની હજુરમાં ઉભા રહે છે ત્યારે કોઇ ધનવાન નથી કે કોઈ દરિદ્રી નથી; તેઓ સર્વ ભાઇબેન છે. એ સારૂ તેઓ એકચિત્તે દેવના સમર્થ હાથ નીચે નમીને તેના ભંડારમાં એજ અર્પણ અર્થાત્ પવિત્ર દશાંશ જે ઇશ્વરે ઠરાવ્યો છે તે આપે છે."

"તમારા શબ્દો મારા મનમાં એકદમ ઉતરી ગયા છે, અને તે હું યાદ રાખીશ. આવતે વિશ્રામવારે હું પ્રભુના ઘરમાં આવું ત્યારે દશાંશ લઇને આવું, સાહેબ? અથવા જળસંસ્કાર પામ્યા પછી લાવું?"

"ના, ભાઇ, વિલંબ કરશો મા. તમારો પ્રથમ દશાંશ આવતા રવિવારે લાવજો. એ વડે તમે પ્રભુનું સર્વોપરીપણું અંગીકારશો. એ તો અંગત વિશ્વાસની ચોક્કસ નિશાણી છે, તે માટે બાપ્તિસ્મા લીધા અગાઉ તે અમલમાં લાવવી જોઇએ. આપણા મુખના શબ્દોનું સત્વર વિસ્મરણ થઇ જાય છે, પણ આવકનો દશાંશ લાવીને તે વડે ઇશ્વરનું ધણીપણું અંગીકારીએ ત્યારે સહુ કોઈ સમજશે કે આપણો ધર્મ માત્ર બોલવામાં નથી, પણ ખરેખરો છે. વળી તેથી આપણે સાક્ષી પુરીએ છીએ કે આપણો દેવ ખરેખર વ્યક્તિ છે, એટલે જીવે છે, જુએ છે, જાણે છે, ને સભા મધ્યે હાજર રહીને આપણાં અર્પણો સ્વીકારે છે. એ સારૂ મેં તમને પ્રથમ વાર પુછ્યું હતું કે, તારા હાથમાં શું છે? કેમ યાદ છેને?"

"હાજી, મને બરાબર યાદ છે. તે હું નિત્ય યાદ રાખીશ, કેમકે તમારા પ્રશ્ન વડે નવા જીવનમાં હું પ્રવેશ પામ્યો છું."

"દેવનો આભાર માનો, ભાઇ. જે હજારો ને લાખો હિંદુઓ નિર્ગુણ બ્રહ્મથી કંટાળી જઇને જીવતા ને સર્વ સદ્ગુણ-સંપન્ન પરમેશ્વરને શરણે આવશે તેમને પણ એવો અનુભવ થશે. સર્વને સૃજનાર પરમેશ્વર તે વિશ્વનો જડ આત્મા નથી, તે જીવસંપન્ન તથા સત્ય દેવ છે."

"તેના પવિત્ર નામને ધન્ય હો!"

"હા, તમે તેના પ્રત્યે ખરો ભાવ રાખો છો એવી મારી ખાતરી છે. હવે તમારે વિલંબ વિના તેની માલિકી સ્વીકારવી જોઈએ, નહિ તો પરીક્ષણોમાં પડશો અને તરેહ તરેહના સંદેહ તમારા મનમાં આવશે. બાપ્તિસ્મા પામો તે અગાઉ આવતે પ્રભુવારે તમારો દશાંશ લાવો, અને મંડળી સમક્ષ થાળીમાં મુકો. એ તમારા વિશ્વાસનું પ્રથમ ફળ થશે અને તમારી એ કબુલાત ઉપરથી સિદ્ધ કરશો કે દેવ મનની કલ્પિત વાત નથી, પણ ખરેખર સત્ય વ્યક્તિ છે. ત્યાર પછી તમે બાપ્તિસ્માનો સંસ્કાર લો અને પ્રભુના લોકની ગણમાં ગણાઓ."

"ઠીક, સાહેબ, એ હું બહુ હર્ષ તથા ઉલ્લાસથી કરીશ."

---

"ઉપકાર થયો, બેન મરિયમ; આ શરબત બહુ ઉત્તમ છે. આપણા પર પ્રભુની દયા કેટલી બધી છે કે તે આપણને નારંગીનો મીઠો રસ આપે છે! કેમ, પાળક ઈશ્વરપ્રસાદને આવતાં કેટલો વખત થશે?"

"તે પધારેલા છે, સાહેબ. આપ નાસ્તો કરી રહેશો ત્યાં સુધી તેઓ બહાર બેસશે."

"લો, બેન, પૂરૂં થયું. ચતુરમસીહ, મારી સલામ સાથે ઈશ્વરપ્રસાદને કહો કે તે ભલે આવે, હું તેમને જોઇને ઘણો રાજી થઈશ......આવો, ભાઇ, સુવાર્તામાં મારા સાથી કામદાર, પ્રભુને હું વિનંતી કરૂં છું કે તમારા પર દેવની શાંતિ રહે."

"આપને ઘણી શાંતિ થાઓ, મારા પ્રિય સાહેબ તથા મિત્ર, મને આવતાં મોડું થયું માટે માફ કરજો."

"કાંઈ નહિ, ભાઇ. જેસુખરાયને ત્યાં તમે રોકાયા તેની મને ચતુરમસીહે ખબર આપી છે. આપણા વૃદ્ધ વૈદને કેમ છે?"

"આ મારા હાથોએ તેની આંખો બંધ કરી છે. કલાક ઉપર તેનો આત્મા આ ફાની દુનિયા તજીને ચાલ્યો ગયો."

"જેસુખરાય ગુજરી ગયા! હું બહુ દલગીર છું, તે મારા પરમ મિત્ર હતા. મારે તેના કુટુંબની મુલાકાતે જવું જોઈએ અને દિલાસો આપવો જોઇએ. તેની જુવાનીમાં તેણે આપણી મિશન પાઠશાળામાં શિક્ષણ લીધું હતું; ત્યારથી તે ખ્રીસ્તીઓનો મિત્ર હતો."

"હું તેના બિછાના પાસે આજ બેઠો હતો, ત્યારે વૈદે તેના બે પુત્રોને તથા ભત્રિજાને પાસે તેડયા. તેઓ ભેગા થયા, ત્યારે તેણે મંદ સ્વરે કહ્યું કે, હું મારી મિલ્કત મારી સાથે લઇ જઇ શકતો નથી, તે તમારા હાથમાં રહેશે, માટે મારી વાત પર

લક્ષ રાખો. જો તમે પૈસા ઉડાવી દેશો તો પાણીના રેલાની માફક તે વહી જશે. કંજુસાઇ કરીને તમે તેને સંતાડી રાખશો તો તે બરફની માફક તમારી માંહે ઠરી રહેશે. પણ જો તમે તેનો સદુપયોગ કરશો, તો જમીન પર પડતા વરસાદથી જેમ ઘાસ, અનાજ અને ફૂલો ઉગી નિકળે છે તેમ તે પૈસાથી સુંદર ને ઉપયોગી ફળ થશે."

"એ તેનું બોલવું વાજબી હતું, પાળક સાહેબ; જૈસુખરાય ભલા માણસ હતા."

"હા, સાહેબ. હું માનું છું કે મરતી વેળાએ તેણે પ્રભુ ઇસુ ખ્રીસ્ત પર વિશ્વાસ કીધો."

"એ વિષે વધુ મને કહો."

"તેના બે દીકરા અને ભત્રિજો તેની પાસેથી ગયા પછી તે લાંબી વાર સુધી સ્વસ્થ પડી રહ્યો. એકાએક તેણે આંખ ઉઘાડી અને હાથ લાંબા કર્યાં, અને કહેવા લાગ્યો, 'હે પ્રભુ ઇસુ, મારી તરૂણાવસ્થાથી મેં તારા પર મમતા રાખી છે, પણ હું હિંદુઓ આગળ તારૂં નામ કબૂલ કરી શકયો નહિ, મને ક્ષમા આપજો, ઓ પ્રભુ ઇસુ, મને ક્ષમા આપજો.' હું તેના બિછાના પાસે ઘુંટણીએ પડયો હતો ત્યારે તેની આંખ-માંથી અશ્રુધારા વહેતી હતી. બ્રાહ્મણ ગોર બારણામાં અચંબો પામતો ઉભો હતો, પણ મેં વિશ્વાસથી પ્રાર્થના કર્યાં કરી. ત્યાર પછી હું ધીમે સ્વરે ગાવા લાગ્યો કે,—"ઇસા મસીહ, મેરા પ્રાન બચાયા" અને તે વખતે જૈસુખરાયનું મુખારવિંદ ઉલ્લાસે પ્રકાશવા લાગ્યું. તેની આંખો અંધરાવા લાગી ત્યાં સુધી તેણે મારી પ્રત્યે એકી નજરે જોયું અને આખરે તકિયા પર તેનું માથું નમી પડ્યું, પણ તેના આનંદી મુખનો પ્રકાશ જતો રહ્યો નહિ. આવી રીતે તેનો આત્મા તેના સ્વર્ગીય પિતાને ઘેર ગયો."

"પાળક સાહેબ, હું પ્રભુની સ્તુતિ કરૂં છું કે આવી રીતે જૈસુખરાય તમારા વિશ્વાસુપણા તથા પ્રાર્થનાદ્વારા મરણશય્યા પર ખ્રીસ્તને પામ્યો. બહુ સુંદર મરણ! પણ હું આ વખતે

ખાસ ઈશ્વરનો આભાર એ માટે માનું છું કે આપણા ભાઇ ગંગાદાસે મરણની છાયા તેના પર ફરી વળે તે અગાઉ પોતાના તારનારને કબુલ કીધો છે. હું અને ગંગાદાસ પ્રભુની વાતો વિષે આજ સાંજે વાત કરતા હતા."

"બહુ સારૂં, સાહેબ. ગંગાદાસ અત્રે આવવાના છે તે મને ખબર હતી. તે જ્યારે ખ્રીસ્તીઓની સંઘાથે પ્રભુના ઘરમાં આવશે ત્યારે ખ્રીસ્તી લોકના આનંદનો પાર નહિ રહેશે. કેમ ગંગાદાસભાઈ, તમે આવતા પ્રભુવારે પ્રભુના ઘરમાં પધારશો?"

"હા, જરૂર, પાળક સાહેબ. હું તે વેળા થાળી પર મારો દશાંશ મુકવા તથા મારા વિશ્વાસનો સ્વીકાર કરવા હાજર થઈશ. ખ્રીસ્તીઓએ દેવને આત્માથી તથા સત્યતાથી કેવી રીતે ભજવો જોઇએ તે વિષે સાહેબ મને બોધ આપતા હતા."

"હાલેલૂયા! સાહેબ, આપણી દેશી મંડળી પ્રત્યે તેની મોટી દયાને લીધે હું પ્રભુનો ઉપકાર માનું છું; અને હું આપના ધૈર્યતાએ ભરેલા બોધને સારૂ આપનો આભારી છું. કેટલાક ખ્રીસ્તીઓ કારભારીપણાનો નિયમ પાળવાને ખંતીલા નહોતા, પણ હવે કાંઇ સુધારો થશે. થાળી પર ગંગાદાસભાઈ તેનો દશાંશ મુકે તે જોઇને તેઓ શરમાશે, કેમકે એ તો નવો ખ્રીસ્તી છે અને હજી જળસંસ્કાર પામ્યો નથી. ગામના બધા ખ્રીસ્તીઓને સમજ પડશે કે તેઓ અત્યાર સુધી દેવને કેવા લુટતા હતા, અને તેઓ પ્રભુના ભંડારમાં દશાંશ લાવતા થશે."

"પણ, સાહેબજી......"

"શું છે, ચતુરમસીહ?"

"સભા સમક્ષ અમે અમારો દશાંશ મુકીએ પછી તેનું શું કરવામાં આવશે?"

"તમારો પ્રશ્ન ઉત્તમ છે, ભાઈ. હિન્દની ખ્રીસ્તી મંડળીને લગતો એક અઘરો પ્રશ્ન એ છે કે તે કયારે ને શી રીતે પોતાનું

બધું ખરચ પોતાને માથે લેશે, ને કયારે મંડળીનું બધું કામ પોતે ચલાવી શકશે? હવે તે પ્રશ્નનો ઉત્તર તમે આપી શકશો."

"શું દેશી ખ્રીસ્તીઓના દશાંશ વડે અમારા દેશી પાળકોનો નિભાવ થઈ શકશે, સાહેબ?"

"એમાં શો શક? એ વડે તમારા પાળકોનો નિભાવ થશે એટલુંજ નહિ પણ દેશી મંડળીનું બીજું ખર્ચ પણ અદા થશે. એ ઉપરાંત, એવો દિવસ આવશે કે જેમાં હિંદુસ્તાનની મંડળીના ખરચથી ધર્મબોધકોને ટિબેટ, ઇરાન, મોરેશીયસ, માડાગાસ્કર ઇત્યાદી દેશોમાં મોકલવામાં આવશે. તમે જુઓ છો કે અત્યાર સુધી તમારા દેશમાં ગ્રેટબ્રિટન અને અમેરિકા કેવી રીતે પાદરીઓને મોકલે છે."

"ઓ સાહેબ, એવો દિવસ કયારે આવશે?"

"મારા મિત્ર, એવો દિવસ આવશેજ આવશે, નહિ તો પ્રભુનાં વચનો તમારી મધ્યે સફળ નહિ થશે. હિંદુસ્તાન પૃથ્વીના દેશોમાં એક મોટો દેશ છે, અને તેમાં વસતા લોક જગતની મોટી પ્રજાઓમાંની એક છે. એ સારૂ હિંદમાંની ખ્રીસ્તી મંડળી ઇતિહાસમાં મશહુર થશે, એમાં સંદેહ નથી."

"સાહેબજી, તમારા શબ્દો સાંભળીને અમારાં હ્રદય ઉલ્લાસી થયાં છે."

"ખરેખર, ભાઈ; પણ યાદ રાખવું જોઇએ જેમ બીજા દેશોમાં ખ્રીસ્તી પ્રજા ઉત્તમ પદ પામીને પરદેશી ખ્રીસ્તીઓ પર આધાર ન રાખતાં પોતાનો નિભાવ કરે છે તેમ તમારે પણ કરવું પડશે. આજે આપણી હિંદી મંડળી નિર્ધન છે, એ સારૂ પ્રભુ તમને સલાહ આપે છે કે, "તું ધનવાન થાય માટે અગ્નિથી પારખેલું સોનું મારી પાસેથી વેચાતું લે." ઓ મારા મિત્રો, મારા જીવ સમાન હું આપણી હિંદી મંડળીને ચાહું છું. શું આપણે સાથે સાથે કામ નહિ કરીએ અને પ્રીતિથી, સ્વાર્પણથી તથા પ્રાર્થનાથી તેની દિવાલો ઉભી નહિ કરીએ? પાળક

ઈશ્વરપ્રસાદ, ખ્રીસ્તના સાથી કામદારોની માફક આપણુ બન્ને કામ નહિ કરીએ ?"

"હા, સાહેબ, આપની પડખે રહીને કામ કરવાથી મારો હર્ષ ઉભરાઈ જશે."

"અને તમે ચતુરમસીહ, અને બેન મરિયમ, તમે તમારો દીવો ગામમાં પ્રકાશિત નહિ રાખશો ?"

"ઓ સાહેબ, અમારૂં અજવાળું કદી હોલાઈ જશે નહિ, કેમકે દેવે પોતે તેલ પૂરૂં પાડવાને વચન આપ્યું છે. વળી અમે પોતે જે જે શીખ્યાં તે પ્રેમને તથા નાની દુર્ગાંને અમે શિખવીશું."

"હા, ખરેખર, બાળકો તો ભાવી મંડળીના પાયા છે, અને ભાઇ ગંગાદાસ, મંડળીના સર્વ કામમાં તમે યોગ્ય સહાય આપશો ?"

"કેમ નહિ, સાહેબ! હું ઉજડ રાનમાં ભૂખે મરતો હતો ત્યારે ખ્રીસ્તની મંડળીએ મને શોધી કાઢયો નથી, તથા મારા આકાશમાંના બાપને ઘેર આણ્યો નથી ?"

"હા, ગંગાદાસ, એમજ છે."

"હવે શું જોઇને હું પ્રભુના ઘરથી ભટકી જઉં ? રાનમાં મને શું ખોરાક મળે કે હું જતો રહું ? ઈશ્વર મને સહાય કરશે ને

મારૂં થશે દેવનું ઘર, રહેવાસ સતંત અનંત."

**સમાપ્ત.**

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
ગુજરાતીમાં [illegible] કરવામાં આવી છે. [illegible] [illegible]
[illegible] છે; [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
ભાષાની [illegible] [illegible] છે.

અમદાવાદ, સુરત, વડોદરા, [illegible], [illegible], [illegible], [illegible], [illegible], [illegible], [illegible], [illegible], [illegible], [illegible], [illegible], [illegible], [illegible], [illegible], [illegible], [illegible], [illegible], [illegible], [illegible], [illegible], અલ્હાબાદ, [illegible], ઇત્યાદિ.

ઉપરાંત [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible].